" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 19 | AD - 2025, Aso Vad-14 | Sunday, Dt.19-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## બ્રહ્મોસે ઓપરેશન સિંદૂરમાં પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું

# સમગ્ર પાકિસ્તાન બ્રહ્મોસની રેન્જમાં : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૧૮

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બ્રહ્મોસ મિસાઈલની શક્તિને પ્રકાશિત કરતા પાકિસ્તાનને કડક ચેતવણી આપી. તેમણે કહ્યું કે બ્રહ્મોસ મિસાઈલ ભારતની લશ્કરી ક્ષમતા અને વિશ્વસનીયતાનું પ્રતીક છે અને ત્રણેય સશસ્ત્ર દળોની કરોડરજ્જુ છે. રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂરને બ્રહ્મોસની શક્તિનું સફળ પ્રદર્શન ગણાવ્યું અને વિરોધીઓને ચેતવણી આપી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ફરી એકવાર પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનનો દરેક ઇંચ પ્રદેશ બ્રહ્મોસની રેન્જમાં છે. પાકિસ્તાનને જન્મ આપી શકે તેવું ભારત બ્રહ્મોસ સાથે શું કરી શકે છે તે સમજાવવાની જરૂર નથી, તેમણે કહ્યું. બ્રહ્મોસ મિસાઈલ ફ્લેગ-ઓફ સમારોહ દરમિયાન સંરક્ષણ મંત્રીએ આ ટિપ્પણીઓ કરી હતી.

રાજનાથ સિંહ બ્રહ્મોસની ક્ષમતાઓ અને વિશ્વસનીયતા વિશે ચર્ચા કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે બ્રહ્મોસની ચર્ચા થાય છે, ત્યારે દરેક વ્યક્તિ વિશ્વસનીયતાની ભાવના અનુભવે છે. બ્રહ્મોસ ફક્ત એક મિસાઈલ નથી, પરંતુ ભારતની ક્ષમતાઓનું પ્રતીક છે. આ મિસાઈલ ભારતીય વાયુસેના, નૌકાદળ અને સેનાની કરોડરજ્જુ છે.




રાજનાથ સિંહે કહ્યું કે બ્રહ્મોસે ઓપરેશન સિંદૂરમાં પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. આપણા વિરોધીઓ હવે બ્રહ્મોસથી બચી શકશે નહીં. તેમણે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે ઓપરેશન સિંદૂર ફક્ત એક ટ્રેલર હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલોની પ્રથમ બેચનું અનાવરણ કર્યું. તેમણે બ્રહ્મોસની ક્ષમતાઓ પર પ્રકાશ પાડતા પાકિસ્તાનને કડક ચેતવણી આપી.

બ્રહ્મોસ મિસાઈલો ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર માટે માત્ર એક સીમાચિહ્નરૂપ નથી, પરંતુ સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ભારતના સંકલ્પને પણ નવી ગતિ આપશે. રાજનાથ સિંહે કહ્યું, મારા માટે ખૂબ જ ગર્વની વાત છે કે આજે લખનૌમાં બ્રહ્મોસ અત્યાધુનિક બૂસ્ટર બિલ્ડિંગનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે. આજનો દિવસ ઉત્તર પ્રદેશ અને લખનૌ માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે લખનૌમાં બ્રહ્મોસ એરોસ્પેસ યુનિટમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલોની પ્રથમ બેચને લીલી ઝંડી આપી. આ દિવસ ઉત્તર પ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે જ, પરંતુ સંરક્ષણ ઉત્પાદનોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ભારતના સંકલ્પને પણ ઉર્જા આપશે.

વિશ્વની સૌથી ઝડપી અને ઘાતક ચોકસાઈપૂર્વક સ્ટ્રાઇક કરતી બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલ સિસ્ટમના નિર્માતા બ્રહ્મોસ એરોસ્પેસે લખનૌમાં તેની નવી એકીકરણ અને પરીક્ષણ સુવિધામાંથી મિસાઈલોની પ્રથમ બેચ બનાવી છે. આ અત્યાધુનિક યુનિટ ૧૧ મેના રોજ તેના ઉદ્ઘાટન પછી સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, આજે ઉત્તર પ્રદેશના લોકો માટે એક મહત્વપૂર્ણ દિવસ છે. લખનૌ સંરક્ષણ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મેં પાંચ મહિના પહેલા બ્રહ્મોસ યુનિટનું ઉદ્ઘાટન કર્યું હતું. આજે, તેની પ્રથમ બેચ રવાના કરવામાં આવી હતી. આ કોઈ સામાન્ય વાત નથી. ઓપરેશન સિંદૂરે સાબિત કર્યું છે કે વિજય આપણી આદત બની ગયો છે.

રાજનાથ સિંહે કહ્યું, દુનિયાએ ભારતની તાકાતનો સ્વીકાર કર્યો છે. દેશને વિશ્વાસ છે કે આપણે હવે ખૂબ જ મજબૂત બની ગયા છીએ. હું તમને કહી દઉં કે, જ્યારે ભારત પાકિસ્તાનને જન્મ આપી શકે છે, ત્યારે તમે લોકો આગળ વિચારવા માટે પૂરતા સમજદાર છો. પાકિસ્તાનની દરેક ઇંચ બ્રહ્મોસની રેન્જમાં છે. ઓપરેશન સિંદૂર ફક્ત એક ટ્રેલર હતું.




# પંજાબથી બિહાર જઈ રહેલી ગરીબરથ ટ્રેનમાં આગ

પટના,તા.૧૮

શનિવારે સવારે પંજાબના અમૃતસરથી બિહારના સહરસા જઈ રહેલી ગરીબરથ ટ્રેન (૧૨૨૦૪)માં પંજાબના સરહિંદ સ્ટેશન નજીક આગ લાગી હતી. આ આગ એસી કોચ નંબર ૧૯માં શોર્ટસર્કિટને કારણે લાગી હતી. ટ્રેનમાં લુધિયાણાના અનેક વેપારીઓ પણ મુસાફરી કરી રહ્યા હતા. આગ લાગતાં જ કોચ નંબર ૧૯માં બેઠેલા એક મુસાફરે ટ્રેનની ચેઈન ખેંચી લીધી, જેના કારણે ટ્રેન ઊભી રહી હતી. આ પછી કોચમાં રહેલા મુસાફરો તરત જ પોતાનો સામાન મૂકીને નીચે ઊતરી ગયા. અંધાધૂંધી વચ્ચે ટ્રેનમાંથી ઊતરતી વખતે ઘણા મુસાફરો ઘાયલ થયા. આ દરમિયાન માહિતી મળતાં જ રેલવે, ફાયરબ્રિગેડ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લગભગ એક કલાકમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગમાં કોચ નંબર ૧૯ સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયો હતો. કોચ નંબર ૧૮ને પણ નુકસાન થયું હતું. બળી ગયેલા કોચને અલગ કર્યા પછી ટ્રેન ત્રણ કલાક પછી અંબાલા માટે રવાના થઈ. રેલવેના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કોઈ જાનહાનિ થઈ નથી. અંબાલા ડિવિઝનના ડીઆરએમ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને અકસ્માત વિશે પૂછપરછ કરી હતી. આ ઘટનાથી અમૃતસર શતાબ્દી એક્સપ્રેસ, ગુરુમુખી



સુપરફાસ્ટ એક્સપ્રેસ, સચખંડ એક્સપ્રેસ, દિલ્હી ઈન્ટરસિટી એક્સપ્રેસ અને જલંધર ઈન્ટરસિટી એક્સપ્રેસ સહિત ઘણી અન્ય ટ્રેનોને પણ અસર થઈ હતી. અંબાલા ડિવિઝનલ રેલવે મેનેજર વિનોદ ભાટિયાએ જણાવ્યું હતું કે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાય છે.




:: બેસણું ::



સ્વ.પ્રફુલભાઈ નનુભાઈ વાગડીયા
તા.૧૮/૧૦/૨૦૨૫, શનિવાર (ઉ.વર્ષ.૫૪), ગામ : સાજીયાવદર, તા.જી.અમરેલી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
દરિયા જેવું નિર્મળ હૃદય, સુર્ય જેવું તેજસ્વી જીવન,
ચંદ્ર જેવો શિતળ સ્વભાવ, આપના દિવ્ય આત્માને
પરમ કૃપાળુ પરમાત્મા ચિરઃ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.....

:: બેસણું ::

સાજીયાવદર સ્થિત અમારા નિવાસસ્થાને તા.૨૦/૧૦/૨૦૨૫, સોમવારના રોજ સવારે ૦૮:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધી બેસણું રાખેલ છે.

લી.

અશ્વિનભાઈ નનુભાઈ વાગડીયા - ૯૯૭૯૪ ૫૪૩૩૩
સંજયભાઈ નનુભાઈ વાગડીયા - ૯૪૨૭૦ ૭૧૩૦૮
સ્મિતભાઈ પ્રફુલભાઈ વાગડીયા - ૯૯૦૯૯ ૧૭૨૨૨

હાર્દિક અભિનંદન

સંગઠનના માર્ગદર્શક અને યુવા નેતૃત્વ, હરહંમેશ અડધી રાતનો હોકારો શ્રી કૌશિકભાઈ વેકરીયાને રાજ્યકક્ષાના મંત્રી બનવા બદલ અમારી સમગ્ર ટીમ વતી લાખ લાખ અભિનંદન ....



શ્રી કૌશિકભાઈ વેકરીયા
મંત્રીશ્રી, કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો (રાજ્ય કક્ષા-ગુજરાત સરકાર)

-:: શુભેચ્છક ::-
ચેતનભાઈ ધાનાણી
પ્રમુખ :- અમરેલી તાલુકા ભાજપ
તથા
અમરેલી તાલુકા ભાજપ ટીમ

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૨૫

# લીલીયામાં ભર બજારે કારમાં આગ લાગતા ભડભડ સળગી ઉઠી

લીલીયા,તા.૧૮


તસવીર : બકુલ દવે

લીલીયા તાલુકાના ઢાંગલા ગામમાં દિવાળીની ખરીદી કરીને પરત ફરી રહેલા એક વ્યક્તિની કારમાં અચાનક આગ લાગી હતી. ધર્મેશભાઈ ભીખાભાઈ માંગુકીયા લીલીયા બજારમાંથી ખરીદી કરીને પોતાની CNG કારમાં બેઠા ત્યારે આ ઘટના બની હતી. કારમાં બેસતાની સાથે જ નીચેથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ કારચાલકને જાણ કરતા તેઓ તાત્કાલિક નીચે ઉતરી ગયા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને આખી કારને લપેટમાં લઈ લીધી હતી. ઘટનાની જાણ થતા ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે, ફાયર ટીમ પહોંચે તે પહેલા જ કારનો મોટાભાગનો હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો. સીએનજી કાર હોવાને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો હતો, પરંતુ સદનસીબે કોઈ મોટી જાનહાનિ ટળી હતી.

# આજે અમરેલીમાં નવનિયુક્ત મંત્રી કૌશિક વેકરીયાનો અભિવાદન સમારોહ

અમરેલી,તા.૧૮



ભૂપેન્દ્ર પટેલની સરકારમાં અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને રાજયકક્ષાના મંત્રી બનાવવામાં આવ્યા છે. જેના લીધે સમગ્ર અમરેલી જિલ્લામાં હરખની હેલી છે. શનિવારે ઉર્જા અને કાયદામંત્રી તરીકે પોતાની ઓફિસમાં વિધિવત ચાર્જ સંભાળી લીધો હતો. કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને આવકારવા માટે અમરેલી જિલ્લા ભાજપમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. આજે રવિવારે કાયદામંત્રી અમરેલી ખાતે પધારવાના હોય ત્યારે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા નવનિયુક્ત મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો અભિવાદન સમારોહ યોજાશે. તા.૧૯ને રવિવારે સાંજના ૪ કલાકે જિલ્લા ભાજપ કાર્યાલય બસ સ્ટેશન પાછળ નવનિયુક્ત મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો

**જિલ્લા ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ**

અભિવાદન સમારોહ યોજાવાનો હોય ત્યારે જિલ્લાના તમામ હોદ્દેદારો, કાર્યકરો, શુભેચ્છકો અને ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા લોકોએ પધારવા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ આમંત્રણ પાઠવ્યુ છે.

# ધારી પોલીસ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન

ધારી, તા.૧૮


તસવીર : સંજય વાળા

પોલીસ સંભારણા દિવસ નિમિત્તે ધારી પોલીસ વિભાગ દ્વારા ધારી સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી જયદેવ ગઢવીના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કેમ્પમાં પોલીસ વિભાગના દરેક કર્મચારીઓ અને અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમની સાથે ધારીના રાજકીય-સામાજિક આગેવાનો તેમજ દરેક પત્રકાર મિત્રોએ પણ માનવતાના આ કાર્યમાં જોડાઈને રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પનું આયોજન અમરેલી રેડક્રોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યું હતું, જેમાં વહેલી સવારથી જ રક્તદાન કરવા માટે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

**દુકાનદારોને વહેલાસર ચોપડાપૂજન સહિત ધાર્મિક વિધિ પૂર્ણ કરવાની ફરજ પડે છે**

# સા.કુંડલામાં 'ઈંગોરિયા યુદ્ધ' પર પ્રતિબંધ મૂકવા કલેક્ટરને રજૂઆત

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા શહેરના દેવળા ગેઈટ વિસ્તાર અને નાની શાકમાર્કેટ આસપાસના રહેવાસીઓ તથા દુકાનદારોએ દિવાળીની રાત્રે રમાતી જોખમી 'ઈંગોરિયા યુધ્ધ' સહિતની રમતો પર પ્રતિબંધ મૂકવા માટે અમરેલી જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, સાવરકુંડલામાં વર્ષોથી ઈંગોરિયા, કોકડા, સીડી અને રોકેટ યુધ્ધ જેવી રમતો રમાય છે, પરંતુ તે અગાઉ રહેણાંક વિનાના નાવલી નદીના વિસ્તારમાં રમાતી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી આ રમત દેવળા ગેઈટ અને નાની શાકમાર્કેટ જેવા રહેણાંક અને વ્યાપારી વિસ્તારમાં રમાવા લાગી છે. રહીશો અને દુકાનદારોની ફરિયાદ છે કે, આ રમતોના કારણે ઈંગોરિયા અને રોકેટ તેમના ઘરો અને દુકાનોમાં આવી પડે છે. જેના લીધે તેઓ દિવાળીનો પરંપરાગત ઉત્સવ મનાવી શકતા નથી અને ભયના ઓથાર નીચે પોતાના ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બને છે. દુકાનદારોને પણ રાત્રીના ૧૦ વાગ્યા પહેલાં જ ચોપડાપૂજન અને લક્ષ્મીપૂજન જેવી ધાર્મિક વિધિઓ પૂર્ણ કરી લેવી પડે છે, જેથી જાનમાલને નુકસાન ન થાય તેવી અંતમાં રજૂઆત કરવામાં આવી છે.

**અસામાજિક તત્વો માહોલ બગાડે છે**

રજૂઆત કરનારાઓએ જણાવ્યું કે દેવળા ગેઈટ ખાતે ઇંગોરિયાની લડાઈમાં અમુક અસામાજિક તત્વો દારૂ વગેરે પ્રકારનો નશો કરીને આવે છે અને છાકટા બની ગાળો બોલતા હોવાથી મહિલાઓ અને બહેનોને બહાર નીકળવુ મુશ્કેલ બને છે તેથી આ રમત ફરી નાવલી નદીમાં રમાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલી કલેકટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ સંકલન સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જનપ્રતિનિધિઓના વિવિધ વિસ્તારના પેન્ડિંગ પ્રશ્નો જેમ કે, રોડ-રસ્તાઓ, પાણી, વીજળી, ગૌચર જમીન પરના દબાણો સહિતના નાગરિકલક્ષી પ્રશ્નો અન્વયે તેના નિકાલ માટેની સૂચનાઓ ઉપસ્થિત સંબંધિત અધિકારીને આપી હતી. જિલ્લા કલેકટરે નાગરિકોના પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ કરવા માટે સંબંધિત કચેરીઓના વડાઓને જરુરી સંકલન કરવા જણાવ્યું હતું. આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સરદાર પટેલ જન્મ જયંતીની ઉજવણી હાથ ધરવામાં આવશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે યુનિટી માર્ચનું આયોજન હાથ ધરવામાં આવશે. જિલ્લા કલેક્ટરે જિલ્લાના સૌ અધિકારીઓ-કર્મચારીઓને દિપાવલી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલીના ગાંધીબાગ ખાતે યોગ સાધકોએ ૩૦ દિવસમાં દોઢથી આઠ કિલો વજન ઉતાર્યું

અમરેલી,તા.૧૮



અમરેલીમાં યોગ સાધકોએ ૩૦ દિવસીય કેમ્પમાં યોગના કારણે મેદસ્વિતા, જટીલ દુઃખાવામાં રાહત મેળવી છે. શુક્રવારે સમાપન થયેલા ૩૦ દિવસયી 'મેદસ્વિતા નિવારણ કેમ્પ'માં અમરેલીવાસીઓએ ૧.૫ કિલોથી ૦૭ કિલો સુધી વજન ઘટાડવાની સફળતા મેળવી છે. યોગ સાધકોએ પોતે આ અંગે પ્રતિભાવો આપી યોગને નિત્ય જીવનનો ભાગ બનાવવા માટે અપીલ કરી છે. આ અંગે માહિતી આપતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર સાગરભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી ૩૦ દિવસીય 'મેદસ્વિતા નિવારણ કેમ્પ'નું આયોજન કર્યું હતું. આ કેમ્પમાં અમરેલી શહેરના ગાંધીબાગ ખાતે પ્રતિદિન ૧.૩૦ કલાકના યોગ સેશનમાં ૧૦૦ વ્યક્તિઓએ યોગ અભ્યાસ કર્યો હતો. કેમ્પના અંતે સૌ સહભાગીઓને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# અમરેલીના બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિરે નૂતન વર્ષે મહા અન્નકૂટ યોજાશે

**અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરાશે**

અમરેલી,તા.૧૮

ભગવાન શ્રી કૃષ્ણની ઉપસ્થિતિમાં ગોવર્ધન પૂજારૂપે ગોકુળથી શરૂ થયેલો અન્નકૂટોત્સવ આજે ૫૦૦૦ વર્ષ પછીય ભારતીય ભક્તિ પરંપરાની એક વિશિષ્ટ સ્મૃતિ કરાવે છે. બી.એ.પી. એસ. સ્વામિનારાયણ સંસ્થાએ અન્નકૂટની આ ભકિત પરંપરાનો મહિમા સમગ્ર વિશ્વમાં વિસ્તાર્યો છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલ અન્નકૂટ ઉત્સવ ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસથી લઈને ઈંગ્લેન્ડની સંસદ- 'હાઉસ ઓફ કોમન્સ' સુધી પહોંચાડવાનું ઐતિહાસિક પૃષ્ઠ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ઉમેરાયું છે. આજ પરંપરામાં અમરેલીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ ૨૨ ઓક્ટોબરે, બુધવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી યોજાશે. અન્નકૂટ ઉત્સવના દિવસે સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી દર બે કલાકે અન્નકૂટ આરતી યોજાશે, જેનો તમામ ભક્તજનો લાભ લઈ શકશે. દીપોત્સવ પર્વે ૨૦ ઓકટોબરે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમ્યાન અમરેલી શહેરના વેપારીઓ ઠાકોરજી સમક્ષ ચોપડાપૂજન વિધિમાં જોડાશે. જેમાં અમરેલી શહેરના તમામ વેપારીઓને ચોપડાપૂજન વિધિમાં જોડાવા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા જુદા સેવાના ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધુ આબાલ-વૃધ્ધ સ્વયંસેવકો પોતાની સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરાશે. અમરેલી શહેરની ૧૫ સેવાભાવી સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદો સુધી અન્નકૂટનો પ્રસાદ પહોંચાડાશે.












**કપડા, દીવડા, ઘરને સુશોભિત કરે તેવી આઈટમની દુકાનોમાં લોકો ઉમટ્યા**

# અમરેલીમાં ધનતેરસના શુભ દિને જ્વેલર્સની દુકાનોમાં ભારે ભીડ

**દિવાળીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરની બજારો ચિક્કાર**

અમરેલી,તા.૧૮

હિંદુઓનો સૌથી મોટો તહેવાર એટલે દિવાળી. ધનતેરસનાં દિવસથી દીપોત્સવની શરુ થઈ જાય છે. શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે સૌથી જુની અને પવિત્ર ધાતુ સોનું છે, અને સોનાને સૂર્ય ભગવાનનું પ્રતિક પણ માનવામાં આવે છે. હિંદુઓમાં સોનું સૌથી પવિત્ર માનવામાં આવે છે. હિંદુઓમાં ધનતેરસનાં દિવસે સોનું-ચાંદી ખરીદવાને ધાર્મિક મહત્વ પણ માનવામાં આવે છે. ત્યારે ધનતેરસના દિવસે સવારથી અમરેલીનાં નગરજનો સોનું-ચાંદી ખરીદવા માટે અમરેલી શહેરના સોના-ચાંદીના વેપારીઓના શો રૂમ પર ઉમટી પડ્યા હતા. ધનતેરસે અમરેલીના નગરજનોએ સોનાની લગડી અને સોનાના ઘરેણાની ખરીદી વધારે કરી હતી. સોના કરતા ચાંદીનું વેચાણ ઓછું થયું હતું. અમરેલી શહેરમાં આવેલ જ્વેલર્સની દુકાનો જેવી કે, નિલકંઠ જ્વેલર્સ, મધુવન ગોલ્ડ, સોની અશોકકુમાર હરીલાલ, વ્રજ જ્વેલર્સ, હિતેષ જ્વેલર્સ, ચિંતન જ્વેલર્સ, વિ.કે. જ્વેલર્સ અને ચોકસી કાંતિલાલ કરશનદાસના શો રૂમમાં વહેલી સવારથી સોના-ચાંદીના દાગીનાની અવનવી ડીઝાઈન આવી હોવાથી સોના-ચાંદીના આભૂષણો ખરીદવા ભારે ભીડ ઉમટી પડી હતી. સોના-ચાંદીનો ભાવ આસમાને પહોંચ્યો હોવા છતાં લોકોએ મન મૂકીને ખરીદી કરી હતી. આમ સાંજ સુધીમાં લાખો રૂપિયાના સોનાની ખરીદી અમરેલીવાસીઓએ કરી હતી. દિવાળી પર્વમાં ઘરને સુશોભિત કરવાની વસ્તુઓ ખરીદવા મહિલાઓની ભીડ ઉમટી પડી હતી. અમરેલી શહેરની બજારોમાં અવનવા રંગોની ચિરોડી, આકર્ષક કોડિયા તેમજ સ્ટીકરની ખરીદી કરવા મહિલાઓની ભીડ ઉમટી પડી હતી. હવે દિવાળીને ગણતરીના દિવસો જ રહ્યા છે ત્યારે સવારથી જ અમરેલી શહેરની મુખ્ય બજારો, હરી રોડ, લાયબ્રેરી રોડ, ટાવર રોડ જેવી બજારોમાં અવનવા રંગોની ચિરોડી, આકર્ષક કોડિયા તેમજ સ્ટીકરની ખરીદી કરીને ઘરને સુશોભિત કરવા બજારોમાં મહિલાઓની ભીડ ઉમટી પડી હતી. આ વખતે અમરેલીની બજારમાં ૨૨ પ્રકારના અવનવા આકર્ષક રંગોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું, તો સાથે મનને મોહી લે તેવા અવનવા વિવિધ આકારોમાં દીવડા મહિલાઓનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આંગણાને સુશોભિત કરવા માટે દીવડા, રિંગોળીના વવિધ સ્ટીકર જેવા કે સ્વસ્તિક, લાભ શુભ, પગલાં જેવા સ્ટીકરો ખરીદવા શહેરીજનોએ પડાપડી કરી હતી. આમ અમરેલીની મહિલાઓએ રંગો, કોડિયા અને સ્ટીકરોની ભારે ખરીદી કરી હતી.



# વડીયા સિવિલ હોસ્પિટલ ખાતે 'પોલીસ સંભારણા દિવસ' નિમિત્તે રક્તદાન કેમ્પ

વડીયા,તા.૧૮

સમગ્ર રાજ્યમાં પોલીસ સંભારણા દિવસ નિમિત્તે રક્તદાન મહાદાનની સેવાકીય પ્રવૃત્તિઓ રૂપે ઉજવણી થઈ રહી છે, ત્યારે અમરેલી જિલ્લાના વડીયામાં આવેલ સરકારી (સિવિલ) હોસ્પિટલ ખાતે એક મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં રેકોર્ડ બ્રેક ૧૦૪ બોટલ લોહી એકઠું કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ગાંગણા, વડીયા સ્વામિનારાયણ મંદિરના સંતો-મહંતો સહિત મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ દ્વારા ઉત્સાહપૂર્વક રક્તદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક સામાજિક અને રાજકીય આગેવાનો પણ જોડાયા હતા. જેમાં વડીયાના સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તુષારભાઈ ગણાત્રા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, શૈલેષભાઈ ઠુંમર, અશ્વિનભાઈ મહેતા તેમજ વડીયા તાલુકાભરના સરપંચો અને ભાજપ-કોંગ્રેસના આગેવાનોએ પણ ખાસ ઉપસ્થિત રહીને પોલીસ વિભાગના આ સેવાકાર્યને બિરદાવ્યું હતું.




# ગ્રાહક જાગૃતિ માટે અમરેલીની આઈટીઆઈ ખાતે "વોક ફોર ક્વોલિટી-૨૦૨૫" યોજાઈ

અમરેલી,તા.૧૮

અમરેલીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ૧૬-૧૦-૨૦૨૫ ના રોજ "વોક ફોર ક્વોલિટી –૨૦૨૫" નું BIS(બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ), રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું, જેના અંતર્ગત આઈ.ટી.આઈ.ના આશરે ૬૦૦ તાલીમાર્થીઓ (ભાઈઓ-બહેનો સહિત)એ રેલી સ્વરૂપે ભાગ લીધેલ હતો. આ રેલી આઈ.ટી.આઈ. કેમ્પસથી શરૂ થઈને અમરેલી બસ સ્ટેશન સુધી પહોંચી હતી અને ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને આઈ.ટી.આઈ. ખાતે પૂર્ણ થઈ હતી. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોમાં જાગૃતિ લાવવાનો હતો કે તેઓ માત્ર BIS (બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ), હોલમાર્ક તેમજ ISI (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ ઈન્સ્ટિટ્યુટ) જેવા પ્રમાણિત માર્ક વાળી વસ્તુઓ જ ખરીદે. વિદ્યાર્થીઓએ બેનરો, પ્લેકાર્ડ્સ અને સ્લોગન્સ દ્વારા આ સંદેશને લોકો સુધી પહોંચાડ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ તરીકે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ ભાગ લીધો હતો. તેમની સાથે BISના ડાયરેક્ટર પારિજાત શુક્લ, ડેપ્યુટી ડાયરેક્ટર પિયુષભાઈ ગેડીયા અને રાહુલભાઈ રાજપૂત, શુભમજી, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા તેમજ જિલ્લા શિક્ષણ કચેરીના પ્રતિનિધિ સુનિલભાઈ ગોયાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનુ સંપૂર્ણ માર્ગદર્શન BISના પ્રમોશનલ ઓફિસર અમનસિંઘે આપેલ હતું. અમરેલી જિલ્લાના નોડલ પ્રિન્સીપાલ ડો. ટી.એમ. ભટ્ટ પણ હાજર રહ્યા હતા.

**વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી નહી**

# બાબરાના ઘુઘરાળામાં ૬ મહિનાથી મહીનું પાણી દુર્ગંધયુક્ત આવતું હોવાથી રોષ

બાબરા,તા.૧૮

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં છેલ્લા છ મહિનાથી નર્મદા યોજના મારફતે આવતું પીવાનું પાણી ગંદું અને દુર્ગંધયુક્ત આવતું હોવાની ગ્રામજનોમાં ભારે નારાજગી ફેલાઈ છે. ગામના સરપંચ, તલાટી તથા ગ્રામ પંચાયતના સભ્યોએ અનેકવાર તાલુકા તંત્ર સમક્ષ મૌખિક તેમજ લેખિત રજૂઆત કરી હોવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. ગામમાં નળ મારફતે આવતા પાણીમાં ગટરનું પાણી ભળતું હોવાથી ગ્રામજનોના આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે. બાળકો અને વૃદ્ધોમાં પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા છે. સ્થાનિક લોકોએ તંત્રને તાત્કાલિક ગટર જોડાણ અને પાણી લાઈનની તપાસ કરી શુદ્ધ પાણી સપ્લાય શરૂ કરવાની માંગણી કરી છે. આ અંગે ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગામમાં આવતુ મહી પરીએજ યોજનાનું પાણી ગંદકીયુક્ત આવતું હોવાથી જનઆરોગ્ય પર ખતરો ઉભો થયો છે. આ બાબતે જનપ્રતિનિધી ગ્રામજનોના આરોગ્યની ચિંતા કરી આગળ આવે તે જરૂરી છે. મહીનું પાણી શુધ્ધ આપવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.



તસવીર : દિપક કનૈયા

# સાવરકુંડલા તાલુકાના નેસડી ગામમાં આરોગ્ય કેમ્પ યોજાયો

**તાવ, શરદી, ઉધરસ, સામાન્ય રોગો તેમજ HIV, RPR, હિપેટાઈટીસ, HB, સુગર, BPની તપાસ કરવામાં આવી**

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ લિંક વર્કર સ્કીમ-અમરેલીના સ્ટાફ દ્વારા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામલોકોને તાવ, શરદી, ઉધરસ, સામાન્ય રોગો તેમજ HIV, ક્લિનિક, RPR, હિપેટાઈટીસ, HB, સુગર, BP માપન તેમજ અન્ય તકલીફ માટે નિદાન કરી આપવામાં આવ્યું હતું. તેમાં કુલ ૮૨ HIV ટેસ્ટ કરવામાં આવ્યા. આ સાથે ૦૩ STI પોઝિટિવ કેસ આવ્યા હતા. LWs સ્ટાફમાંથી DRP - ધ્રુવીબેન, ZS - હરેશભાઈ અને વૈભવીબેન તેમજ તૌફીકભાઈ, જાકીરભાઈ, મુસ્તાકભાઈ હાજર રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવામાં DTHO કુરેશી, સરપંચ, PHC જીરાનો સ્ટાફ તેમજ ડૉ. વિરમ અને ડૉ. નીતિન તેમજ સનરાઈઝ ફાઉન્ડેશનમાંથી ORW, કાઉન્સેલર તેમજ ICTC કાઉન્સેલર સાવરકુંડલાનો સપોર્ટ મળેલ હતો.


-:: હાર્દિક અભિનંદન ::-



શ્રી કૌશિકભાઈ વેકરીયા
મંત્રીશ્રી, કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો (રાજ્ય કક્ષા-ગુજરાત સરકાર)

અમારા માર્ગદર્શક અને સગઠનમાં કુશળતાના ગુણ શિખવનાર યુવાન, અડિખમ, પથદર્શક અને અમરેલી જિલ્લાના વિકાસના ભેખધારી શ્રી કૌશિકભાઈ વેકરીયાને રાજ્યકક્ષાના મંત્રી બનવા બદલ લાખ લાખ અભિનંદન ...

- :: શુભેચ્છક :: -
શ્રી ઘનશ્યામભાઈ સાદરાણી
પ્રમુખશ્રી શહેર ભાજપ બગસરા



અનરીફાઈન્ડ ઉત્સવ ઓઈલ મિલનું ડબલ ફિલ્ટર સિગતેલ

વડેરાગામમાં લઘુ ગૃહઉદ્યોગ

અમરેલી બાયપાસ રાધેશ્યામ ચોકડી પાસે લઘુ ગૃહઉદ્યોગ

નવા ડબ્બામાં ૧૫ કિલો ૯૨૦ગ્રામ પાકો વજન

અમરેલીમાં હોમ ડિલેવરી કરી આપીશું

જી-૨૦ મગફળીનું શુધ્ધ સિંગતેલ

સ્થળ

અમરેલી: રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) સંર્પક સુત્રઃ ૯૪૨૬૯ ૬૧૦૦૬, ૯૮૭૯૦ ૫૬૬૦૫

વડેરા: મહાદેવપરા,પાણીના ટાંકા પાસે, સંર્પક સુત્રઃ ૯૭૨૭૩ ૮૩૧૫૫, ૯૯૭૮૫ ૧૪૧૩૩


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.જમનાદાસભાઈ દયાળજીભાઈ સાગલાણી(ઉ.વ.૯૪)નું તા.૧૭/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.કાંતિભાઈ, જયેન્દ્રભાઈ, અરવિંદભાઈ, શારદાબેન, સ્વ.રમાબેન, પ્રફુલ્લાબેનના મોટાભાઈ, નયનાબેન, બીપીનભાઈ, સંજયભાઈના પિતાશ્રી, સ્વપ્નિલ, પૂજા, શ્વેતા, નિકિતાના દાદા થાય છે.




BLUE BUDDHA
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



-:: હાર્દિક અભિનંદન ::-



શ્રી કૌશિકભાઈ વેકરીયા
મંત્રીશ્રી, કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો (રાજ્ય કક્ષા-ગુજરાત સરકાર)

અમારા માર્ગદર્શક અને સગઠનમાં કુશળતાના ગુણ શિખવનાર યુવાન, અડિખમ, પથદર્શક અને અમરેલી જિલ્લાના વિકાસના ભેખધારી શ્રી કૌશિકભાઈ વેકરીયાને રાજ્યકક્ષાના મંત્રી બનવા બદલ લાખ લાખ અભિનંદન ...

:: શુભેચ્છક ::
શ્રી કમલેશભાઈ જોષી (કકુ)
સદસ્યશ્રી, વોર્ડ નં.૩
નગરપાલિકા બગસરા



શું તમને સાંભળવાની તકલીફ છે ?

- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૨/૨૦૨૫ — તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. કુંવરબેન મગનભાઈ રાદડીયા
રહે. પીયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભરતભાઈ મગનલાલ રાદડીયાનો જન્મ તા.૨૯/૧૦/૧૯૬૮ ના રોજ મુ. પીયાવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૯૭/૨૦૨૫

શ્રી દેવાણી કાંતિભાઈ ધનજીભાઈ
રે. ગુંદરણ, તા.લીલીયા, જી. અમરેલી ............અરજદાર

**-: વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી ગુંદરણ ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દેવાણી કાંતિભાઈ ધનજીભાઈના પુત્રી વૈશાલીબેન કાંતિભાઈ દેવાણીનો જન્મ તા.૧૦/૦૪/૧૯૯૦ ના રોજ ગુંદરણ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

### //એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૬૦/૨૦૨૫

અરજદાર :- શ્રી સલાટ શારદાબેન કમાભાઈ
રહે. જેશીંગપરા શેરી નં.૧, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા/જી-અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા/જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સલાટ શારદાબેન કમાભાઈ તેમની પુત્રીશ્રી સોનલ કમાભાઈ સલાટની જન્મ (તા.૨૧/૧૦/૨૦૧૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સીક્કો

**સહી,**
**(એચ.એમ. તલાટી)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

# અગ્રણીઓની હાજરીમાં જાફરાબાદ મરીન પોલીસ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો


તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ,તા.૧૮

જાફરાબાદ મરીન પોલીસ દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે દીપ પ્રાગટય કરી બ્લડ ડોનેશન કેમ્પની શરુઆત કરી હતી. જેમાં જાફરાબાદ નગરપાલિકાના ચેરમેન કનૈયાલાલ સોલંકી, ભગુભાઈ સોલંકી, અમરેલી જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, કોળી સમાજ પટેલ મનહરભાઈ બારીયા, કમલેશભાઈ બારીયા, ટાઉન પોલીસ સ્ટેશન પીઆઈ ભાચકન, મરીન પીઆઈ ગોહીલ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તેમજ અલગ અલગ ગામના સરપંચો તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જાફરાબાદના તમામ સમાજના આગેવાનો, રાજકીય અને સામાજિક આગેવાનો, વેપારીઓ તેમજ પોલીસ જવાનો સાથે મહિલા પોલીસકર્મી દ્વારા સહ પરિવાર પણ બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૮૧ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતુ. આ કેમ્પને સફળ બનાવવા મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. ગોહીલ તેમજ સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં ગર્ભમાં બાળકના મોત બાદ સારવાર અર્થે જતી મહિલાએ પણ દમ તોડ્યો

**કુબડા ગામે થ્રેસરમાં ટી શર્ટ ફસાઈ જતાં યુવકનું મોત**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં ચાર લોકોના વિવિધ કારણોસર મૃત્યુ થયા હતા. લાઠીના માલવીયા પીપરીયા ગામે રહેતા મૂળ મધ્યપ્રદેસના લક્ષ્મણસીંગ સુખન્યાસીંગ બ્રસ્તે (ઉ.વ.૨૨) એ જાહેર કર્યા મુજબ, લાલુપ્રસાદ રામપ્રસાદ ઉલકે તુલીપ સ્પીનીંગ મિલના ક્વાર્ટરમાં બીજા માળે ગેલેરીની પાળ પર બેસીને ફોનમાં વાત કરતા હતા. તે સમયે શરીરનું બેલેન્સ બગડતાં બીજા માળેથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. અમરેલીના ખીજડીયા ગામે રહેતા મનોજભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૫૦)ના પત્ની પલ્લીબેન મનોજભાઈ પરમાર (ઉ.વ.૪૧) કેરાળાથી કમીગઢ ગામ વચ્ચે અકસ્માતે રોડ ઉપર પડી જતાં શરીરે ઈજા થવાથી મરણ પામ્યા હતા. અમરેલીમાં રહેતા વિજયભાઈ મનસુખભાઈ રાઠોડ (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ગૌરીબેન ગર્ભવતી હતા. ગર્ભમાં રહેલું બાળક મરી જતાં વધુ સારવાર અર્થે રાજકોટ લઈ જતા હતા. આ સમયે રસ્તામાં મરણ પામ્યા હતા. ગીર સોમનાથના વેરાવળ તાલુકાના પ્રાંચીમાં રહેતા દિનેશભાઈ મનજીભાઈ સોલંકી (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, કુબડા ગામની સીમમાં જીકાભાઈ ઉર્ફે બાટલી મનજીભાઈ સોલંકીનું ટી શર્ટ થ્રેસરના વરમમાં વીંટળાઈ જતાં -ભીંસાઈ જતાં ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા.

# સરાહનીય પહેલ: પિતાની પુણ્યતિથિ નિમિત્તે યુવાને ૫૧ ગરીબ પરિવારોને રાશનકીટનું દાન કર્યું

કુંકાવાવ, તા.૧૮

કુંકાવાવ તાલુકાના ખાખરીયા ગામના એક યુવાન દ્વારા તેમના પિતાની પુણ્યતિથિના દિવસે નિરાધાર અને એકલવાયું જીવન જીવતા પરિવારોને મદદરૂપ થવાનું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. ખાખરીયા ગામના અનિરુદ્ધભાઈ બોરીચાએ તેમના સ્વર્ગસ્થ પિતાની બીજી પુણ્યતિથિના શુભ પ્રસંગે ૫૧ રાશનકીટનું વિતરણ કર્યું હતું. આ રાશનકીટ ખાસ કરીને એવા પરિવારોને આપવામાં આવી હતી જેઓ નિરાધાર છે અથવા એકલવાયું જીવન જીવી રહ્યા છે. યુવાન અનિરુદ્ધભાઈ બોરીચાએ આ પુણ્યનું કાર્ય કરીને પિતા પ્રત્યેની લાગણીની સાથે સાથે સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સેવાકાર્ય બદલ સમગ્ર પંથકમાં તેમની આ પહેલને બિરદાવવામાં આવી હતી.

# રાજુલાના હિંડોરણા ગામે ધમકી આપી પેટ્રોલ પંપ અને ટ્રક સળગાવવાનો પ્રયાસ

રાજુલા,તા.૧૮

હિંડોરણા ગામે ચોકડી પર આવેલા ચેતન ઓટો સપ્લાયર્સ પેટ્રોલ પંપ પર ગત તારીખ ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ એક સનસનીખેજ ઘટના બની હતી. એક ઈસમે પેટ્રોલ પંપ પર આવી પહેલા ધમકી આપી અને બાદમાં પેટ્રોલ તથા અન્ય જ્વલનશીલ પદાર્થ વડે પેટ્રોલ પંપ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે આરોપી શિવાભાઈ વાલાભાઈ ધાખડા પેટ્રોલ પંપ પર આવ્યો હતો અને ત્યાં હાજર સાહેદ પરેશભાઈને ગાળો આપીને આખો પેટ્રોલ પંપ સળગાવી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ, રાત્રે પોણા બાર વાગ્યાના અરસામાં તે આરોપી ફરી વખત પેટ્રોલ પંપ પર આવ્યો હતો. આ વખતે તે પોતાની સાથે પેટ્રોલ ભરેલી બોટલ, માચીસ અને અન્ય સ્ફોટક પદાર્થ લઈને આવ્યો હતો. આરોપીએ સીધા પેટ્રોલ પંપના યુનિટ પાસે જઈને પેટ્રોલ નોઝલમાં માચીસની દીવાસળીથી આગ લગાવી હતી. આ ઉપરાંત, તેણે ત્યાં પડેલા ઓઈલના પાઉચમાં પણ આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન, પેટ્રોલ પંપ પર કામ કરતા ફિલિંગ મેન (કર્મચારીઓ) પર તેણે હુમલો કર્યો હતો અને તેમને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. આટલેથી ન અટકતાં, આરોપીએ પેટ્રોલ પંપ બહાર પાર્ક કરેલ ટ્રક (રજિ. નંબર GJ ૧૪ Z ૫૭૩૫) વાળામાં પણ સ્ફોટક પદાર્થથી આગ લગાવી દીધી હતી. ટ્રકના ડ્રાઈવરને પણ તેણે નિર્દયતાથી માર માર્યો હતો. આ સમગ્ર ઘટના બાદ પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના વઢેરા ગામે ૧૯૬૨ ટીમે કેન્સરગ્રસ્ત ગાયને પીડામુક્ત કરી

અમરેલી,તા.૧૮



જાફરાબાદ તાલુકાના વઢેરા ગામમાં ૧૦ ગામ દીઠ ફરતાં પશુ દવાખાના-૧૯૬૨ દ્વારા કંબોઈથી પીડાતી ગાયની સર્જરી કરી યોગ્ય સારવાર આપી પીડામુક્ત કરી જીવ બચાવવામાં આવ્યો હતો. વઢેરા ગામના પશુપાલક મંગાભાઈની ગાય કંબોઈથી પીડાતી હતી. આ અંગેની જાણ ૧૯૬૨ ટીમને થતા તા.૧૭ના રોજ ૧૦ ગામ દીઠ ફરતા પશુ દવાખાના હેમાળના વેટરનરી ઓફિસર, ડૉ.નિખિલ ગોહિલ તથા ડો. નિમેશ ત્રિવેદી અને પાયલોટ ધનેશભાઈ તથા ધર્મેશભાઈ દ્વારા સર્જરી કરી, યોગ્ય સારવાર આપી પશુપાલક મંગાભાઈની ગાયને પીડામુકત કરી હતી.

# વઢેરા ગામે વરૂડી માતાના મંદિર તરફ જવાના રસ્તે અંધારામાં છુપાતા ચાર ઈસમો પકડાયા

જાફરાબાદ, તા. ૧૮

વઢેરા ગામે વરૂડી માતાના મંદિર તરફ જવાના રસ્તે રાત્રિના સમયે શંકાસ્પદ હાલતમાં ફરતા ચાર આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ શખ્સો કોઈક મિલકત વિરુદ્ધનો ગુનો કરવાના ઈરાદે અંધારાનો લાભ લઈ ભેગા થયા હોવાનું સામે આવ્યું હતું. ભરતભાઈ ભાણાભાઈ પરમાર, વિપુલભાઈ કાળુભાઈ પરમાર, બીજલભાઈ કાનાભાઈ પરમાર તથા રાજેશભાઈ મુળાભાઈ પરમારની વઢેરા ગામે વરૂડી માતાના મંદિર તરફ જતા રસ્તા પર રાત્રે અંધારામાં શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને આ ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. જ્યારે પોલીસે તેમની હાજરી અને ત્યાં ભેગા થવાનું કારણ પૂછ્યું, ત્યારે તેઓએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો અને ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે, આ ચારેય આરોપીઓ કોઈ મિલકત સંબંધિત ગુનો, જેમ કે ચોરી, લૂંટ કે ધાડ પાડવાના ઈરાદે હથિયારો સાથે એકઠા થયા હતા. પોલીસે તેમની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી પટેલ કન્યા છાત્રાલય ખાતે શુભેચ્છા સ્નેહમિલન યોજાશે

**તા.૨૨ના રોજ સવારના ૯:૩૦ કલાકે ઉપસ્થિત રહેવા નિમંત્રણ**

અમરેલી,તા.૧૮

અમરેલીમાં આવેલ પટેલ કન્યા છાત્રાલય ખાતે શુભેચ્છા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. અમરેલીના કેરીયા રોડ પર આવેલ પટેલ કન્યા છાત્રાલય ખાતે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની હાજરીમાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્નેહમિલન તા.૨૨ને બુધવારના રોજ સવારના ૯:૩૦ કલાકથી ૧૦:૩૦ કલાક સુધી યોજાશે. આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેવા માટે સર્વસમાજને પટેલ વિદ્યાર્થી આશ્રમના મંત્રી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લાઠી તાલુકાનાં દુધાળા ગામે ખેડૂતના ઘરમાં ખાતર પડ્યું

લાઠી, તા.૧૮

દુધાળા (લાઠી) ગામે ખેડૂતના ઘરમાંથી રોકડા ૨.૧૭ લાખ સહિત કુલ રૂ. ૩.૨૨ લાખની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ઘનશ્યામભાઈ રવજીભાઈ બોદર (ઉ.વ.૫૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૦૨/૧૦/૨૦૨૫ના સાંજના સાતેક વાગ્યાથી તા.૧૫/૧૦/૨૦૨૫ના બપોરના આશરે ત્રણેક વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે તેના ઘરમાં પ્રવેશ કરી રૂમના દરવાજાના નકુચા તોડી રૂમમાં રહેલ તીજોરી ખોલી તેમાં રાખેલા રોકડા રૂ.૨,૧૭,૦૦૦, એક સોનાનો દોરો કિં.રૂ.૮૦,૦૦૦ તથા સોનાની વિટી નંગ.૨ કિં.રૂ.૧૫,૦૦૦ તથા ચાંદીનો કમરે બાંધવાનો કંદોરો તથા જુડો આશરે રૂા.૫૦૦૦, ત્રણ કાંડા ઘડિયાળ કિં.રૂ.૫૦૦૦ મળી કુલ કિં.રૂા.૩,૨૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદશ
તા. ૧૯-૧૦-૨૦૨૫, રવિવાર, સૂર્યોદય-૦૬:૨૪,
સૂર્યાસ્ત-૦૫:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા. ૧૯-૧૦-૨૦૨૫ — રવિવાર

મેષ: આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ.

વૃષભ: આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. બુદ્ધિ અને હોશિયારીથી વિરોધીઓને પરાજિત કરી શકશો.

મિથુન: આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે.

કર્ક: આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.

સિંહ: આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠા મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.

કન્યા: આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.

વૃશ્ચિક: આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે.

ધન: આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે.

મકર: આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે.

કુંભ: આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.

મીન: ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

# રાજુલામાં યુવકને બ્લેકમેઈલ કરનારને પોલીસે હરિયાણાથી દબોચ્યો

રાજુલા, તા.૧૮



રાજુલા પોલીસે સાયબર ફ્રોડના એક ગંભીર અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી નાખીને એક આરોપીને હરિયાણા રાજ્યમાંથી પકડી પાડ્યો છે. આ ગુનાની વિગત મુજબ, ભોગ બનનાર યુવકને ઈન્સ્ટાગ્રામ પર એક મહિલાના આઈડી સાથે વાતચીત થયા બાદ વોટ્સએપ નંબરની આપ-લે થઈ હતી. આરોપીએ બાદમાં વીડિયો કોલ કરી મહિલાનો અશ્લીલ વીડિયો બતાવી તેનું સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. ત્યારબાદ, આરોપીએ અન્ય બે મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ કરીને પોલીસની ખોટી ઓળખ આપી યુવકને બ્લેકમેઈલ કર્યો હતો. આરોપીએ ધમકી આપી હતી કે "હું પોલીસ ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું, તમારો વીડિયો વાયરલ થયેલ છે અને ફરિયાદ થયેલ છે, જો તમે રૂ.૧૦,૦૦૦ ટ્રાન્સફર નહીં કરો તો કેસ થશે." આ બ્લેકમેઈલથી બદનામીના ડરના કારણે ૨૦ વર્ષીય યુવકે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ૪૦ જેટલા મોબાઈલ ફોન અને ૮૫ જેટલા નંબરનું ટેકનિકલ એનાલિસિસ કર્યું હતું. ઊંડાણપૂર્વકની તપાસના આધારે આરોપીઓ હરિયાણા અને રાજસ્થાનની બોર્ડર પરના ગામોના હોવાનું જણાયું હતું. આખરે, રાજુલા પોલીસની ટીમે હરિયાણાના નૂંહ (મેવાત) જિલ્લાના પુંન્હાના ખાતેથી એક આરોપી મહમંદ બીલાલને પકડવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલું એક REALME કંપનીનો મોબાઈલ ફોન કબ્જે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીઓ હસીન ઉર્ફે ટુડન્લ, આકીલ અને આકીબને પકડવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૫૩૦ |
| તુવેર | ૮૩૦ | ૧૨૦૧ |
| અડદ | ૯૦૧ | ૧૩૭૦ |
| મગ | ૯૦૦ | ૧૭૪૫ |
| ચોળી | ૫૫૦ | ૯૦૦ |
| વટાણા | ૭૮૫ | ૧૨૫૦ |
| તલી | ૧૪૫૦ | ૧૮૮૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૨૫૦ |
| લસણ | ૪૭૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૩૫ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૪૪૯ |
| મેથી | ૮૦૦ | ૧૨૨૦ |
| ઇસબગુલ | ૫૦૦ | ૧૫૨૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૫૬૭ | ૧૧૫૩ |
| પપૈયા | ૯૬ | ૧૩૭ |
| બટેટા | ૧૮૪ | ૪૯૧ |
| ટમેટા | ૩૨૬ | ૫૧૧ |
| સુરણ | ૭૮૨ | ૯૨૭ |
| કોથમરી | ૧૪૫૨ | ૨૪૦૦ |
| મુળા | ૨૨૬ | ૩૪૨ |
| રીંગણા | ૩૨૩ | ૬૨૮ |
| કોબીજ | ૧૦૯ | ૨૨૬ |
| ફ્લાવર | ૪૧૦ | ૬૦૯ |
| ભીંડો | ૪૨૨ | ૬૩૧ |
| ગુવાર | ૧૨૦૬ | ૧૮૧૫ |
| ચોળાસીંગ | ૫૦૪ | ૧૦૧૨ |
| વાલોળ | ૮૧૩ | ૧૨૧૪ |
| ટીંડોરા | ૪૨૭ | ૮૩૬ |
| દુધી | ૨૦૩ | ૪૧૩ |
| કારેલા | ૬૧૫ | ૮૨૯ |
| સરગવો | ૧૫૨૮ | ૨૦૩૭ |
| તુરીયા | ૩૪૭ | ૯૪૬ |
| પરવર | ૮૨૦ | ૧૦૩૭ |
| કાકડી | ૩૧૦ | ૬૦૨ |
| ગાજર | ૫૧૧ | ૬૧૪ |
| ગલકા | ૪૦૯ | ૬૧૩ |
| બીટ | ૫૨૭ | ૭૪૨ |
| મેથી | ૧૧૭૨ | ૧૪૦૭ |
| વાલ | ૧૨૦૮ | ૧૮૧૬ |
| ડુંગળી લીલી | ૨૫૬ | ૪૦૭ |
| આદુ | ૯૪૮ | ૧૧૩૦ |
| મરચા લીલા | ૩૩૭ | ૧૦૨૨ |
| હળદર લીલી | ૬૨૩ | ૮૪૬ |
| લસણ લીલું | ૨૦૫૩ | ૨૯૭૯ |
| મકાઇ લીલી | ૨૦૮ | ૩૧૭ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૬ | ૧૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૦૬ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૧૯૧ |
| સિંગદાણા જાડા | ૧૦૦૦ | ૧૨૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૧૧૧ |
| જીરૂ | ૨૩૫૧ | ૩૫૨૧ |
| ધાણા | ૧૨૦૧ | ૧૪૬૧ |
| ડુંગળી લાલ | ૫૬ | ૨૮૧ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૧૩૧ |
| મગફળી ૬૬ | ૮૫૦ | ૧૪૨૧ |
| ધાણી | ૧૩૦૧ | ૧૪૭૧ |
| ગોગળી | ૪૦૦ | ૯૭૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૬૦ |
| ગાજર | ૪૦૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૩૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૪૦૦૦ | ૫૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૭ |
| તાંજરીયા પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચ્રણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોળા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૪૦૦ |
| ફ્ણશી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૬ |

**અમરેલી શાકભાજી**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૪૦ |
| શક્કરીયા | ૬૪૦ | ૮૪૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૨૫ |
| સુરણ | ૭૫૦ | ૮૦૦ |
| ગાજર | ૬૨૦ | ૮૪૦ |
| દુધી | ૪૦૦ | ૬૭૦ |
| કારેલા | ૪૦૦ | ૭૫૦ |
| ગલકા | ૪૫૦ | ૬૪૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૨૦ | ૪૪૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| આમળા | ૬૨૦ | ૮૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૪૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૪૦ |
| ટીંડોરા | ૭૫૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૫૦ |
| ચીભડા | ૫૫૦ | ૭૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૬૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૫૧૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૨૧૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૦ | ૩૦૦ |
| લસણ સુકું | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૮૦ |
| લીબુ | ૩૨૦ | ૫૦૦ |
| પાલક | ૭૨૦ | ૮૨૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૪૨ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૪ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૪૦ |
| ચણા છોલે | ૧૧૫૦ | ૧૭૫૦ |
| જુવાર | ૩૦૫ | ૩૨૫ |
| રજમા બી | ૩૧૦૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૬૭૧ | ૮૦૯ |
| તલ સફેદ | ૧૭૨૮ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૮૨૫ | ૩૭૦૦ |
| મગફળી | ૭૦૫ | ૭૯૨ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૩૫૦ | ૧૪૮૫ |
| કપાસ કોડી | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી | ૭૩૦ | ૯૦૦ |
| ચણા | ૯૧૪ | ૯૧૪ |
| સોયાબીન | ૮૨૨ | ૮૨૨ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૧૦ | ૭૨૦ |
| બાજરો | ૩૩૦ | ૪૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૭ |
| મગ | ૧૪૪૦ | ૧૭૪૦ |
| અડદ | ૭૦૦ | ૧૩૦૦ |
| ચોળી | ૪૫૦ | ૬૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તલ | ૧૪૦૦ | ૧૪૧૦ |
| લસણ | ૪૦૦ | ૬૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૭૦ |
| અજમો | ૧૦૦૦ | ૨૭૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૦ |

# હવે લીલા ફટાકડા સામે પણ પ્રશ્ન !



**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**

હવે તો 'ભારત કા બચ્ચા બચ્ચા જય શ્રી રામ' બોલે છે. શ્રી રામનું ભવ્ય મંદિર પાંચસો વર્ષના લોહિયાળ અને માથાનું દહીં કરી નાખે તેવી કૉર્ટદલીલો અને નકશાને ફાડી નાખવા સહિતના કૉર્ટમાં થયેલા નાટક તેમજ શ્રી રામના વંશજ અત્યારે ક્યાં છે તેવા મિ. લૉર્ડના પ્રશ્નો પછી બન્યું છે. શ્રી રામ મંદિરમાં પગ મૂકતાં વેંત આ ઈતિહાસ જીવંત થઈ જાય છે. અનેક સંતો-મહંતો, સૈનિકો અને હિન્દુ પ્રજાએ બાબર, ઔરંગઝેબ વગેરેના સમયમાં સંઘર્ષ કર્યો, પોતાના પ્રાણને આહૂત કર્યા અને તે પછી ઈ. સ. ૧૯૪૯થી ફરી સંઘર્ષ ચાલુ થયો. સ્વતંત્ર ભારતમાં, હિન્દુઓની બહુમતીમાં અને વિશેષતઃ જ્યારે પંથના આધારે ભાગલા પડ્યા હોય ત્યારે, ભલે ભારત કોઈ થિયોક્રેટ દેશ ન બને, પરંતુ અહીં બીજા બધા જ પંથોની લાગણીનું સન્માન થાય પરંતુ માત્ર હિન્દુઓની જ લાગણીનું સન્માન ન થાય તે કેવું?

ઈ. સ. ૧૯૪૯માં વિવાદિત બનાવી દેવાયેલા ઢાંચામાં શ્રી રામની મૂર્તિ મળી આવે તે પછી મુસ્લિમોએ જ ભાઈચારાના પ્રતીક રૂપે આ સ્થળ હિન્દુઓને સોંપી દીધું હોત તો? આજે તો નિવૃત્તિ પછી ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ પણ કહે છે કે બાબરીનું નિર્માણ મૂળભૂત રીતે જ અપવિત્રીકરણનું એક કાર્ય હતું.

એમાં કહેવામાં કોઈ સંકોચ નથી કે શ્રી રામમંદિર માટેનો માર્ગ સુગમ કરવામાં કેન્દ્રમાં મોદી સરકાર અને ઉત્તર પ્રદેશમાં યોગી સરકારનો બહુમૂલ્ય ફાળો છે. યોગી સરકારે દસ્તાવેજોનું ઝડપી ભાષાંતર કરાવી આપ્યું. સરકારી કામો કેવી ગતિએ અને કેવી ચોકસાઈથી ઘણી વાર થતાં હોય છે તે બધાં જાણે છે. અને શ્રી રામમંદિર બન્યા પહેલાં પણ યોગી સરકાર આવ્યા પછી અયોધ્યામાં દીપોત્સવ ભવ્ય રીતે શરૂ થયો.

દીપોત્સવ કહો કે દિવાળી, આ તહેવાર પ્રકાશનો છે. તમસ પર પ્રકાશનો વિજય. અસત્ય પર સત્યનો વિજય. કેટકેટલાં જૂઠાણાં અને કેવાં-કેવાં તર્કો શ્રી રામમંદિર ન બને તે માટે કરાયાં? અરવિંદ કેજરીવાલ આણિ મંડળીએ કહ્યું કે ત્યાં હૉસ્પિટલ બનાવવી જોઈએ. કોઈએ કહ્યું કે શૌચાલય બનવું જોઈએ ! કોઈએ કુતર્ક આપ્યો કે શ્રી રામમંદિર બનવાથી લોકોને આજીવિકા મળી જશે?

ભારતમાં મંદિર એ આધ્યાત્મિક ચેતના જાગૃતિનું સ્થળ તો છે જ, સાથે આધ્યાત્મિક પ્રવાસનનું કેન્દ્ર છે. ભારતને જોડે છે. અયોધ્યાની મુલાકાત માત્ર ઉત્તર ભારતીયો જ નથી કરતા, દક્ષિણના લોકો પણ કરે છે. આ જ રીતે શ્રી રામેશ્વરમ્‌ની યાત્રા માત્ર દક્ષિણના લોકો જ નથી કરતા, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમના શ્રદ્ધાળુઓ પણ કરે છે. રાજકીય રીતે અનેક રજવાડાં ભલે હતાં પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રીતે ભારતની અખંડતાનો આ પુરાવો વર્ષોથી રહ્યો છે. મંદિરની સાથે અર્થવ્યવસ્થા જોડાયેલી છે. તેમાં ભારતને ભારત તરીકે જાળવી રાખવાની ચાવી છુપાયેલી છે. આના માટે આઈઆઈએમ કાશીપુરના ચૅરમેન સંદીપસિંહનાં 'અર્થવ્યવસ્થા ઑફ મંદિર' અને 'મંદિર કે લિયે એક દશક' પુસ્તકો વાંચવાં જોઈએ.

હિન્દુ ધર્મની કોઈ પણ બાબત આવે એટલે મિ. લૉર્ડથી માંડીને પર્યાવરણવાદી, ફિલ્મ કલાકારો, શિક્ષણવિદો અને મીડિયા પ્રશ્નો ઉઠાવવા લાગે છે. આની પાછળ શો તર્ક? આના કરતાં નિર્ધનોની સહાય કરવી જોઈએ. આનો ઉલ્લેખ હિન્દુ ધર્મગ્રંથોમાં ક્યાં છે? એમાં કોઈ ના નથી કે નવરાત્રિનું પાર્ટી પ્લૉટકરણ થયું છે અને તેમાં અભદ્ર ઉર્દૂવુડિયા ગીત પર અભદ્ર કપડાંમાં જે નાચ થાય છે અને હવે તો અભદ્ર ચેષ્ટા પણ થાય છે કે ગણેશચતુર્થીથી વિસર્જન દરમિયાન કે ઈવન, કેટલીક જગ્યાએ શ્રી રામલીલાના નામે જે અભદ્ર નાચ થાય છે તેનો વિરોધ હોવો જોઈએ, પરંતુ જે સાત્વિક અને તાત્ત્વિક અથવા નિર્દોષ મનોરંજનત્વિક બાબતો છે તેનોય વિરોધ? દા. ત. દિવાળી આવે એટલે પૂછવામાં આવે છે કે તેનો ધર્મગ્રંથોમાં ક્યાં ઉલ્લેખ છે?

દિવાળી પર ફટાકડા ફોડવાનો ઉલ્લેખ ક્યાં છે? દિવાળી આવે એટલે આવા પ્રશ્નોનો મારો ચાલુ થઈ જાય છે. બીજા તહેવારો પર જે તે પંથના લોકોની આસ્થા પર પ્રશ્નો કરવાનું સાહસ કોઈ કરી શકતું નથી. પેટાની હિન્દુ ધર્મલક્ષી જાહેરખબરો ઈદ પર અને ક્રિસમસ પર બંધ થઈ જાય છે. બહુ જ ઘૃણાથી 'પટાખે મત જલાઈએ' કહેતી આલિયા ભટ્ટ ઈદ પર મૌન સેવી લે છે. સોનાક્ષી સિંહા અને સ્વરા ભાસ્કરો ઈદ અને ઈશુના નવા વર્ષ પર હરખઘેલી થઈ જાય છે.

દર દિવાળી પહેલાં ભાદરવામાં અચૂક રીતે સર્વોચ્ચમાં યાચિકા નાખી દેવામાં આવે છે કે ફટાકડા પર પ્રતિબંધ મૂકો. ફટાકડા પર પ્રતિબંધ મૂકવા એ રાજ્ય અથવા કેન્દ્ર સરકારનું કામ છે, પરંતુ ૨૦૧૪ પછી હિન્દુ તહેવારો પર પ્રતિબંધ મૂકવા, અથવા બૉન્ડ દ્વારા રાજકીય પક્ષો માટે નાણાં કાયદેસર ઉઘરાવવાં, વગેરે જેવી અનેક બાબતોમાં સર્વોચ્ચ માનનીયો જ નિર્ણય લેવા લાગ્યા છે. ઘણા એવી દલીલ કરે છે કે સર્વોચ્ચ માનનીયોએ જ શ્રી રામમંદિરનો ચુકાદો પણ આપ્યો છે અને અનુચ્છેદ ૩૭૦ દૂર કરવાને પણ અનુમોદન આપ્યું છે. પરંતુ આવાં બેચાર ઉદાહરણોની સામે અસંખ્ય ઉદાહરણો એવાં છે જેમાં હિન્દુઓની બાબતો હોય ત્યારે સર્વોચ્ચ માનનીયોનું એક વલણ હોય અને એવી જ બીજા પંથની બાબતો હોય ત્યારે સર્વોચ્ચ માનનીયોનું બીજા પ્રકારનું અથવા કહો કે વિરુદ્ધ વલણ હોય. બીજા પંથની બાબતમાં તો ઘણી વાર યાચિકા તો અસ્વીકારી જ દેવાય છે, સાથે યાચિકાકર્તાને ફટકાર પણ લગાવવામાં આવે છે અને કેટલીક વાર દંડ કરવામાં આવે છે.

જાણીતા હિન્દુવાદી અધિવક્તા અશ્વિની ઉપાધ્યાયના પુત્ર નિખિલ ઉપાધ્યાયે વક્ફ બૉર્ડ અધિનિયમ વિરુદ્ધ ન્યાયાલયમાં યાચિકા કરી ત્યારે મિ. લૉર્ડે શું પૂછ્યું, ખબર છે? "૧૯૯૫ના અધિનિયમને ૨૦૨૫માં કેમ પડકારો છો?" આ જ સર્વોચ્ચ માનનીયો ૨૦૧૭ અને પછી ૨૦૨૨માં કાશ્મીરમાં ઈ. સ. ૧૯૯૦માં થયેલા હિન્દુઓના નરસંહારની યાચિકાને પણ આવો જ તર્ક આપી ફગાવી દે છે કે આને બહુ વર્ષો થઈ ગયાં, પરંતુ એ જ સમયગાળામાં એટલે કે વર્ષ ૨૦૧૮માં, ૧૯૮૪માં કૉંગ્રેસના ગુંડાઓ દ્વારા તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યાના બદલા રૂપે કરાયેલા શીખ નરસંહારની વિશેષ તપાસ ટુકડી (એસઆઈટી) દ્વારા પુનઃતપાસનો આદેશ આપી શકે છે. આ આદેશ અપાવો જ જોઈએ, પરંતુ ત્યારે સર્વોચ્ચ માનનીયો એમ નથી કહેતાં કે આને ૩૪ વર્ષ થઈ ગયાં, હવે આ પ્રકરણ બંધ કરો. જ્યારે કાશ્મીરમાં ૧૯૯૦માં થયેલાં હિન્દુ નરસંહાર બાબતે આવું કહી શકે છે.

ભારતમાં ફિલ્મ કલાકારો, પર્યાવરણવાદીઓ, એનજીઓ, શિક્ષણ જગત, મીડિયા, રેશનાલિસ્ટ, લેફ્ટિસ્ટ અને સર્વોચ્ચ માનનીયો – આ બધાં હિન્દુઓની બાબત આવે ત્યારે હિન્દુ વિરોધી વલણ અપનાવે છે. આ વખતે તો અતિ એ થઈ ગઈ કે 'જનસત્તા'માં પર્યાવરણને અનુકૂળ 'લીલા' ફટાકડા સામે પણ પ્રશ્નો કરવામાં આવ્યા ! આ તો સાત પૂંછડિયા ઉંદર જેવું થયું. પહેલાં પર્યાવરણના નામે ફટાકડા સામે વિરોધ અને પછી પર્યાવરણને અનુકૂળ લીલા ફટાકડા સામે પણ પ્રશ્નો! ટૂંકમાં, હિન્દુ તહેવારોની હિન્દુ વિધિથી ઉજવણી ન કરો તેવું આ લોકો ઈચ્છે છે. હા, નવરાત્રિમાં વિકૃતિકરણ થાય છે તેનો તેમને વિરોધ નથી. ગણેશચતુર્થીનો વિરોધ નથી કારણકે ત્યાં શિવસેના અને મનસે દંડાવાળી કરે છે. આનું પરિણામ ક્યારેક હિન્દુ સંગઠન પર પણ અસર કરી જાય છે જ્યારે સરસંઘચાલકજી એમ કહે છે કે હવે બધી મસ્જિદોમાં મંદિર શોધવાની આવશ્યકતા નથી. ઈઝરાયેલ આટલાં વર્ષોના સંઘર્ષ પછી પણ ઈરાન, હમાસ, હિઝબુલ્લાહ એટલે કે લેબેનોન, આ બધા વિરુદ્ધ સંઘર્ષ ચાલુ જ રાખે છે. યહૂદીઓ થાકતા નથી. પરંતુ હિન્દુ સંગઠનો હવે થાકી ગયાં લાગે છે. આંદોલન ન કરે તો વાંધો નથી, પરંતુ જે કરે છે તેમનું મનોબળ શા માટે ઘટાડો છો? તેમને પછી વિરોધીઓ તો ટોણા મારે જ છે, પરંતુ હિન્દુવાદીઓમાં પણ બે ફાંટા પડી જાય છે. એક વર્ગ કહે છે કે સરસંઘચાલકજીએ કહ્યું છે એટલે હવે આપણે શ્રી રામમંદિરથી સંતોષ માની લેવાનો છે.

દિવાળીનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણમાં છે જ. દિવાળી એવું નામ ન હોય તે જુદી વાત છે, પરંતુ જ્યારે શ્રી રામ અયોધ્યામાં પાછા ફર્યા ત્યારે શું થયું હતું?

दैवतानि च सर्वाणि चैत्यानि नगरस्य च ॥
सुगन्धमाल्यैर्वादित्रैरर्चन्तु शुचयो नराः ॥ ६-१२७-२

શ્રી રામના પુનરાગમનના સમાચાર સાંભળી ભરતે શત્રુઘ્નને સૂચના આપી હતી કે "સર્વ માણસો તેમના કુળદેવતાની પૂજા કરે, નગરમાં સુગંધી ફૂલો બિછાવવામાં આવે અને સંગીતનાં વાદ્યોની સાથે લોકો ઉમટી પડે."

सूताः स्तुतिपुराणज्ञाह् सर्वे वैतालिकास्तथा ॥
सर्वे वादित्रकुशला गणिकाश्चैव संघशः ॥ ६-१२७-३

राज्ञदारास्तथामात्याः सैन्याः सेनागणाङ्गनाः ॥
ब्राह्मणाश्च सराज्ञ्यन्याः श्रेणिमुख्यास्तथा गणाः ॥ ६-१२७-४

अभिनिर्यान्तु रामस्य द्रष्टुं शशिनिभं

"ભાટ-ચારણો, ગણિકાઓ, માતાઓ, મંત્રીઓ, સૈનિકો અને તેમની પત્નીઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વેપારીઓ, હસ્તકળા કારીગરોને શ્રી રામના સ્વાગતમાં બોલાવવામાં આવે."

समीकुरुत निम्नानि विषमाणि समानि च ॥ ६-१२७-६

स्थानानि च निरस्यन्तां नन्दिग्रामादितः परम् ॥

"નંદીગ્રામથી અયોધ્યાનો પથ સમતળ કરવામાં આવે. ઉબડખાબડ રસ્તાને સરખા કરવામાં આવે."

सिञ्चन्तु पृथिवीं कृत्स्नां हिमशीतेन वारिणा ॥ ६-१२७-७

ततोऽम्प्;ऽम्प्;अभ्यवकिरंस्त्वन्ये लाजैः पुष्पैश्च सर्वतः ।

"સમગ્ર ક્ષેત્રમાં બરફ જેવું ઠંડું પાણી છાંટો. બીજા કેટલાક લોકો તેના પર સૂકાયેલું અનાજ અને ફૂલો બિછાવી દે."

समुच्छ्रितपताकास्तु रथ्याः पुरवरोत्तमे ॥ ६-१२७-८
शोभयन्तु च वेश्मानि सूर्यस्योदयनं प्रति

"અયોધ્યાની શેરીઓમાં ઝંડીઓ લગાવવામાં આવે. રસ્તા પર આવેલાં ઘરોને સૂર્યોદય થાય ત્યાં સુધી શણગારવામાં આવે."

समुच्छ्रितपताकास्तु रथ्याः पुरवरोत्तमे ॥ ६-१२७-८
शोभयन्तु च वेश्मानि सूर्यस्योदयनं प्रति ॥

"રાજવી માર્ગ પર સેંકડો લોકો પાંચ સુગંધિત રંગો છાંટે, ફૂલોનાં હાર ટીંગાડવામાં આવે અને છૂટાં ફૂલો પણ વિખેરવામાં આવે."

દિવાળીનો ઉલ્લેખ પદ્મપુરાણમાં આ રીતે છે:

"तैले लक्ष्मीर्जले गंगा दीपावल्यां चतुर्दशीम् ।
प्रातः स्नानं हि यः कुर्याद्यमलोकं न पश्यति ८।

ચતુર્દશી (ચૌદશ)એ મા લક્ષ્મી તેલ પર અને ગંગા નદીના પાણી પર રહેશે. જે લોકો આનો સવારે ઉપયોગ કરશે તેમને યમલોક જોવું નહીં પડે.

સ્કંદ પુરાણમાં કહેવાયું છે:

"तुलासंस्थेय सहस्रांशौ प्रदोषेय भूतदर्शयोः। उल्का हस्त नरः कुर्युहु पितृणाम मार्ग दर्शनम्॥"

જ્યારે સૂર્ય તુલા રાશિમાં હોય છે ત્યારે પ્રદોષ કાળ અને અમાવસ્યાના દિવસે હાથમાં ઉલ્કા (મશાલ) લઈને પિતૃઓનું માર્ગદર્શન કરવું જોઈએ.

અને એટલે જ દીપ પ્રજ્વલન ઉપરાંત ફટાકડા ફોડવામાં આવે છે. પરંતુ આ વખતે સર્વોચ્ચ માનનીયોએ તો દિલ્લીમાં પ્રદૂષણના નામે ફટાકડા પર પ્રતિબંધ મૂકી દીધા અને આ વખતે દિલ્લીમાં આઆપના બદલે ભાજપ સરકાર આવી અને તેણે પર્યાવરણને અનુકૂળ એટલે કે લીલા ફટાકડા પર છૂટ માગી એટલે 'ચાલો, તમે પ્રસન્ન રહો' તેમ છૂટ આપી છે, પરંતુ અગાઉની સુનાવણીમાં તો સર્વોચ્ચ માનનીયોએ 'દિલ્લી જ શું કામ, સમગ્ર ભારતમાં પ્રતિબંધ મૂકી દેવો જોઈએ' તેવી ટીપ્પણી કરી હતી. ફટાકડાથી ઘણાને શ્વાસમાં તકલીફ થતી હોય છે તે સ્વીકાર્યું પરંતુ શું ફટાકડા માત્ર દિવાળી પર જ પ્રદૂષણ ફેલાવે છે? ક્રિસમસ પર નહીં? ભારત-પાકિસ્તાન કે અન્ય મેચોમાં ભારતના વિજય વખતે ફૂટે ત્યારે નહીં? વરઘોડામાં ફૂટે ત્યારે નહીં? ચૂંટણીમાં જીત થાય ત્યારે સમર્થકો દ્વારા ફોડાય ત્યારે નહીં? અને ગુજરાતની ભાજપ સરકાર પણ હિન્દુઓ પર ઉપકાર કરતી હોય તેમ દર વર્ષે નવરાત્રિએ પહેલાં બાર વાગ્યા સુધીનો આદેશ પોલીસ દ્વારા બહાર પડાવડાવે અને પછી ગૃહ રાજ્ય પ્રધાન આખી રાત રમજો તેવી છૂટ આપે, દર દિવાળીએ રાત્રે માત્ર આઠથી દસ જ ફટાકડા ફોડવાનો જાહેર પત્ર બહાર પડાવે.

આજે લોકોની જીવનશૈલી બદલાઈ ગઈ છે. નોકરિયાત અને ધંધાર્થી બંને રાત્રે ૯ વાગે તો ઘરે પહોંચતા હોય છે. તે પછી જમે. અને પછી બાળકોને ફટાકડા ફોડવા લઈ જાય. ત્યાં સુધીમાં તો 'સમય સમાપ્તિ કી ઘોષણા' જાહેરપત્ર દ્વારા થઈ ગઈ હોય. સરકારના કૃપાયાચકો જે હિન્દુવાદી હોવાનો ઢોંગ કરે છે તે એમ કહી શકે કે જાહેરપત્ર બહાર પડાય છે પણ તેનું ચુસ્ત ક્રિયાન્વયન ક્યાં કરવામાં આવે છે? તો ઉત્તર એ છે કે પણ તેની જોગવાઈ તો રહે જ ને. કોઈ ફરિયાદ કરે તો પોલીસને કાર્યવાહી કરવી પડે. અને રાત્રે આઠથી દસ ફટાકડા ફોડવાથી પ્રદૂષણ ઓછું થશે?

લગ્નસરામાં વરઘોડામાં રાત્રે આઠથી દસ જ ફટાકડા ફૂટશે? ચૂંટણીમાં વિજેતા બનનારાઓના સમર્થકો રાત્રે આઠથી દસમાં જ ફટાકડા ફોડશે? ઈશુનું નવું વર્ષ ઉજવતા લોકો માત્ર રાત્રે આઠથી દસ જ ફટાકડા ફોડશે? ભારતની ક્રિકેટ મેચો રાત્રે રમાતી હોય છે અને અગિયાર વાગ્યા આસપાસ પૂરી થતી હોય છે. તો શું તેમાં વિજય પછી રાત્રે આઠથી દસ દરમિયાન ફટાકડા ફૂટે છે?

કહેવાનો અર્થ એ છે કે સર્વોચ્ચ માનનીયો, ફિલ્મ કલાકારો, પર્યાવરણવાદીઓ, મીડિયા વગેરે તો સમજાય પણ ભાજપ પોતાને હિન્દુવાદી કહેવડાવે છે તો હિન્દુઓ જાણે ઓશિયાળા હોય અને પોતે તેના પર ઉપકાર કરતી હોય તેમ રાતના આઠથી દસની છૂટનો આદેશ કેમ આપે છે? ■

jaywant.pandya@gmail.com

# ટોળું, ગઠજોડ, સંગઠન – શબ્દોનો તાર્કિક તફાવત

**રાજકીય રસધાર**



**પ્રવીણ માધાણી**

નદીતટની સંસ્કૃતિ પાંગરી ત્યારથી માણસ જૂથમાં રહેતો આવ્યો છે. અસ્તિત્વ ટકાવવા અને એકબીજા પર વર્ચસ્વ સાબિત કરવા એકલા રહેતા માણસે ટોળામાં રહેવાનું શરુ કર્યું. અસુરક્ષાની ભાવનાએ તેને જૂથ બનાવવાની ફરજ પાડી. કાળક્રમે એ જૂથોના સ્વરૂપ અને કદ બદલતા રહ્યા છે. નાના ટોળાથી લઈને મહાન સામ્રાજ્યો સુધી તેનો ઈતિહાસ વિસ્તરેલ પડ્યો છે. આજના સમયમાં પણ સમાજના નાના એકમોથી લઈને વિશ્વના દેશોના મોટા સંગઠનો પણ સમયની માંગ પ્રમાણેના સ્વરૂપો છે. ભારત જેવા દેશોમાં સામાજિક અસંતુલનના પરિણામે જ્ઞાતિ જાતિ સંગઠનો અસ્તિત્વમાં આવ્યા અને નવા બનતા જ રહે છે. ભારતમાં જ્ઞાતિ જાતિ આધારિત સામાજિક માળખું હોય, આમ થવું સ્વાભાવિક છે. જયારે કોઈ સંઘર્ષ થાય ત્યારે બંને બાજુએ તાકાત કે વર્ચસ્વ વધારવાના પ્રયત્નો થાય છે. બે વિશ્વયુદ્ધોએ દુનિયાને બોધપાઠ આપ્યો કે હવે યુધ્ધો અટકાવવા હશે કે યુદ્ધમાં વિજયી થવું હશે તો સમાન વિચારો કે સંસ્કૃતિ ધરાવતા દેશોએ સાથે આવવું પડશે. હવે સંઘર્ષ કોઈ બે દેશ કે સરહદ પુરતો સીમિત નહિ રહે એ બંને વિશ્વયુદ્ધમાં સાબિત થઇ ચુક્યું છે. જેના કારણે યુદ્ધ દરમિયાન અને યુદ્ધ બાદ વિશ્વમાં ઘણા સંગઠનો અસ્તિત્વમાં આવ્યા જેનું કદ આજે નોંધપાત્ર છે. નાટો, બ્રિકસ, જી ૨૦, જી ૭, ત્રીજી દુનિયાના દેશો, સંયુક્ત રાષ્ટ્ર સંઘ, યુરોપિયન યુનિયન, ઓપેક, કવાડ, આફ્રિકન યુનિયન, આસિયાન અને અકુસ જેવા અનેક જૂથો એકબીજાને મદદ કરવા અને એકબીજાનું રક્ષણ કરવા બની ગયા છે. આવા જૂથોના ઉદ્દેશો એકતા પ્રાપ્ત કરવાના અને બીજા અન્ય સંગઠનો જો વિરુદ્ધ હોય તો પ્રતિકાર કરવાના બની રહે છે. જુથમાં અલગ અલગ પ્રકારના અને ક્ષમતા વાળા સભ્ય દેશો હોવાથી સંગઠનની અંદર પર વર્ચસ્વ જમાવવાની હરીફાઈ ચાલતી હોય છે. જેમકે કોઈ સંગઠનમાં સમોવડિયા બે કે ત્રણ દેશો હોય તો એમની ઈચ્છા કે વલણ મુજબ નીતિ નિર્ધારણ થાય એવું ઘણી વખત બને છે. આ બધું સગવડ આધારિત હોય છે. જેમકે પાકિસ્તાન કોઈ જુથમાં સામેલ છે આતંકવાદ વિશે એ જૂથની નીતિ શું રહેશે એ શંકાસ્પદ બાબત છે. અને કોઈ જૂથની નીતિઓ આતંકવાદ સામે ખુબ સખત બતાવવામાં આવી રહી હોય અને પાકિસ્તાન તેના સભ્ય દેશોમાંનો એક દેશ હોય તો એ નીતિઓ કઈ રીતે અમલી બનશે એ કોઈ ચર્ચાની વિષય રહેતો નથી. જૂથમાં એવા પણ હોય છે જે જૂથના અન્ય નાનાઓની જવાબદારી ઉપાડી લે છે. ઓથ બની રહે છે. ઘણા એવા હોય છે જે વારે વારે જૂથ બદલતા રહે છે. એ મીર્ઝાપૂરી લોટા જેવા હોય છે જેને તળિયું હોતું નથી. રાજકારણમાં એમને પાર્ટી બદલું કહે છે. આવા દેશો કોઈ સંગઠનમાં બીજા મજબૂત દેશોની ઓથ મેળવવા જ જોડતા હોય છે, તેનું યોગદાન કશું હોતું નથી. આવું એક સંગઠન કે જોડાણ આજે ચર્ચામાં છે અને એ છે અમેરિકા અને પાકિસ્તાનનું જોડાણ. આ જોડાણ અકુદરતી અને સગવડીયું છે. તાજેતરમાં ભારતમાં એક ચર્ચા પાકિસ્તાન અને અમેરિકાના આ સબંધો અંગે પણ ચાલી રહી છે. સમયના થોડા અંતરાલમાં અમેરિકા અને પાકિસ્તાનના શીર્ષસ્થ નેતૃત્વની ઘણી બધી મુલાકાતો થઈ છે. ભારતમાં એક વર્ગ, ખાસ કરીને વિપક્ષ, એવું માને છે કે આ ભારતની વિદેશનીતિની અસફળતા છે. અમેરિકા જે આજદિન સુધી ભારતની સાથે હતું એ હવે ખુલ્લા વૈશ્વિક મંચો પર પાકિસ્તાનનું અભિવાદન કરી રહ્યું છે. ભારત સાથે બહોળા પ્રમાણમાં વ્યાપારિક સંબંધો હોવા છતાં, ભારત પાકિસ્તાનના ખાટા સંબંધોથી અવગત હોવા છતાં બધું અવગણીને જો અમેરિકા પાકિસ્તાનને પ્રોત્સાહિત કરતું હોય, તો ભારતે અન્યથા વિચારવું પડે. ભારતની પણ એ નીતિ રહી છે કે જે પાકિસ્તાનનું સમર્થન કે મદદ કરે છે તેને લગભગ લગભગ દુશ્મનની કેટેગરીમાં મૂકીને જોવામાં આવે છે. વ્હાઈટ હાઉસથી મચ્છી માર્કેટની જેમ ભારત પાકિસ્તાન સંબંધોને અનુલક્ષીને નિવેદનો બહાર પડી રહ્યા છે અને બદલી રહ્યા છે. અમેરિકાની વિદેશનીતિ લાંબો સમય સ્થિર રહી નથી. જીઓ પોલીટીક્સમાં અમેરિકા આજદિન સુધી એક ગંદી રાજનીતિ કરતુ આવ્યું છે. વિશ્વના ઘણા દેશો અમેરિકાની આ કનિષ્ઠ રાજનીતિનો ભોગ બન્યા છે, હવે પાકિસ્તાનનો વારો છે. ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ દરમિયાન અમેરિકાનો પાકિસ્તાનને સપોર્ટ પણ ભારત આજદિન સુધી ભૂલ્યું નથી. ભારતમાં વિપક્ષની પૂર્ણકાલીન રાજનીતિમાં અમેરિકાના પ્રેસિડેન્ટના નિવેદનો આધારિત રાજનીતિનો હિસ્સો મોટો છે. એટલે આજે અમેરિકાના પ્રેસિડેન્ટના નિવેદનો ઉછાળીને ભારતની વિદેશનીતિને ટાર્ગેટ બનાવવાની એકપણ તક વિપક્ષ છોડી નથી રહ્યો. વિપક્ષની એ મજબૂરી છે. દેશમાં એ ઉઠાવી શકે એવા મુદ્દાઓ અને એ મુદ્દાઓ લઈને સરકારને ભીડવી શકે તેવા નેતાઓનો દુષ્કાળ છે. જે સક્ષમ નેતાઓ છે તેને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે. આ બેના અભાવે તેના મુદ્દા, અસ્થિર નિવેદનો આવે છે. વિપક્ષ સિવાય બધા જ જાણે છે કે આ ભારતને ઘેરવાના એકમાત્ર મુદ્દા માટે ઉભું થયેલું બે દેશો વચ્ચેનું અકુદરતી સંગઠન છે. નહીતર અમેરિકા પર સૌથી ઘાતક અને મોટા આતંકી હુમલાના સુત્રધારને આશરે એક દશકો આશ્રય આપનાર દેશ પાકિસ્તાન સાથે આવું જોડાણ કોઈ ઘેલો આગેવાન પણ ન કરે. એ પણ સ્પષ્ટ છે કે ભારતનો મુકાબલો કરવા પાકિસ્તાન કોઈપણ દેશ સાથે કોઈપણ પ્રકારની સમજૂતીઓ સાથે જોડાણ કરી શકે છે. એમાં પાકિસ્તાને તો કશું ગુમાવવાનું નથી. ક્વિક નોટ -- અમેરિકાના દુશ્મન બનવું ખતરનાક છે, પણ અમેરિકાના દોસ્ત બનવું તો ઘાતક છે. – ભૂતપૂર્વ અમેરિકન વિદેશમંત્રી અને રાજદ્વારી હેન્રી કિસિંજરનું કથિત વિધાન. ■

production@infiniumpharmachem.com

# સાહેબ..! વાંઢા કઈ વાતનો વિરોધ વધારે કરે?

**હાસ્યાય નમઃ**



**ડૉ. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧)મંદિરના પ્રસાદ અને ધરાવેલા ભોગ વચ્ચે શું ફરક?
રક્ષિત વોરા (ગાંધીનગર)
ભોગ ધરાવાય. પ્રસાદ લેવાય. જવાબ સાચો લાગ્યો હોય તો દક્ષિણા મોકલી દેજો.

(૨)ગરજવાનને અક્કલ કેમ ના હોય ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
તમે તો અક્કલવાન છો. જાતે નક્કી કરી લો.

(૩)ધીરે ધીરે સે મેરી જિંદગી મેં આના.. કોઈની જિંદગીમાં ધીરે ધીરે કેમ જવાય?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
તમે પાછા વળો. બીજાને મોકલો.

(૪)'તારક મહેતા' સિરિયલમાં જેઠાલાલ પાસે કેમ કોઈ વાહન નહી હોય?
દર્શન પટેલ (વડોદરા)
જેઠાલાલ હેઠા હાલવામાં માને છે.

(૫)ટ્રમ્પને નોબેલ પ્રાઈઝ ન મળ્યું. કારણ?
રામભાઈ પટેલ (સુરત)
(નોબેલનાં)નસીબ!

(૬)દરેક પતિઓને શક્તિ વાવાઝોડાનો ખતરો કાયમ રહે ખરો?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
ના, કેમ કે પતિઓને વિશ્વાસ હોય છે કે દર વખતની જેમ આ વખતે પણ અંતિમ ઘડીએ વાવાઝોડું દરિયામાં જ નબળું પડી જવાનું છે!

(૭)સાહેબ..! વાંઢા કઈ વાતનો વિરોધ વધારે કરે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
લગ્નમાં ખોટા ખર્ચા કરવાનો!

(૮)સાહેબ.. આ દિવાળી જ નામ કેમ પડ્યું હશે!
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા કેનેડા)
તમને હું એકપણ રીતે દિવાળીની ફઈ લાગુ છું?

(૯)ધોખો એટલે શું?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
દિવાળી અને નવા વરસને અલગ કરી નાખનાર દિવસ!

(૧૦)લગ્ન પછી હસવાનું ભૂલી જવાય છે, ભૂલથી હસાઈ ગયું હોય તો બીક લાગે છે. આવું કેમ?
સંજય દાફડા (અમરેલી)
મને લગ્નની કંકોત્રી મોકલી હોત તો આવું ન થાત!

(૧૧)હમે તો અપનો ને લૂંટા આગળ?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
આગળ ધ્યાન રાખજો. 'અપનો' ફરીવાર પાછો ક્યારે ત્રાટકે એ નક્કી નહીં!

(૧૨)હાલના સંજોગોમાં કરવાચોથ પર પત્નીએ પતિ માટે શું માગવું જોઈએ ?
કનુભાઈ પરમાર (દામનગર)
આવતા બે વરસ સુધી અમારા ગામમાં સાડી અને પ્લાસ્ટીકનો કોઈ સેલ ન આવે!

(૧૩)અમે નવા વર્ષના રામરામ કરવા તમારા ઘરે આવીએ તો કેવું? બપોરે જમીને નીકળી જશું.
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
આવો આવો.. પણ જતી વખતે છોકરાંના હાથમાં 'લ્યો ભાણા ભાઈ' એમ કહી ને પાંચ સો રૂપિયા ન આપતા!

(૧૪)માનવ જન્મે ત્યારે ગળથૂથી અને મરણ વખતે ગંગાજળ પાય છે. આપનો મત આપશોજી.
બાલુભાઈ કિકાણી(લીલિયા મોટા)
મત તો ચૂંટણી વખતે આપવાનો હોય!

(૧૫)સમય અને ઘડિયાળ વચ્ચે શો સંબંધ હશે?
કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ)
મોટાભાગે ઘડિયાળ હોય એની પાસે સમય ન હોય. જેની પાસે સમય હોય એની પાસે ઘડિયાળ ન હોય. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ધન તેરસ : પૈસો પરમેશ્વર નથી પણ કોઈને મન છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

પરિસ્થિતિઓ અને સંયોગો તો કાયમ બદલતા રહેવાના છે, માણસ ન બદલાવો જોઈએ. એ એક આદર્શ સ્થિતિ છે. પરંતુ સંયોગો બદલાતા લોકોના મુખારવિંદ બદલાઈ જાય છે. આ સૌનો અનુભવ છે. જૂનાગઢમાં નરસિંહ મહેતા કંઈ ખરીદી કરવા બજારમાં નીકળે ત્યારે વેપારીઓ પોતાની દુકાનના દ્વાર બંધ કરી દેતા હતા એવી કથા છે. સમાજમાં હવે એવું તો થતું નથી પરંતુ જેના પણ આર્થિક સંજોગો બદલાઈ જાય છે એનાથી સમાજ તબક્કાવાર વિમુખ થઈ જાય છે. કોણ જાણે કેમ પણ સમાજ હવે શ્રીમંતોની પ્રદક્ષિણા કરવાની ટેવવાળો થઈ ગયો છે. કોઈનામાં ગમે તેટલા ગુણોનો ભંડાર હોય તેને ધ્યાનમાં લીધા વિના માત્ર તેના ખિસ્સાને જ ત્રાજવે તોલવામાં આવે છે. જેનું ખિસ્સું ભારે એનું પલ્લુ બધામાં ભારે. આ બદલાયેલા સમાજને સમજવામાં જેઓ ગોથું ખાઈ જાય છે તેઓ જીવનના સર્વ ક્ષેત્રોમાં પાછા પડતા જોવા મળે છે. કદાચ સમજણ હોય તોય એને આનુષંગિક પ્રવૃત્તિ કરવામાં ન આવે તો માત્ર સમજણ કંઈ કામમાં આવતી નથી. ખાલી સમજણ બહુ બહુ તો સોશ્યલ મીડિયામાં ટિકટિક કરવામાં કામ આવે, એનાથી ઘરમાં અજવાળાં ન થાય. અજવાળાં માટે કામ કરવું પડે અને દિવસરાત જોયા વિના તૂટતા રહેવું પડે. સૌરાષ્ટ્રની વાત તોય ઘણી અલગ છે. ઠેર ઠેર એવા દૃષ્ટાન્તો જોવા મળે છે કે જોઈને એમ ખાતરી થાય કે માણસાઈ હજુ મરી પરવારી નથી. અજાણ્યાના આંસુ લૂછવા એ સૌરાષ્ટ્રની પ્રજાનો આદિકાળનો સ્વભાવ છે. ધંધુકાથી આગળ આવો એટલે હવા બદલાઈ જાય છે. થોડા દિવસો પહેલા બાવળા પાસે બાઈક અકસ્માતમાં એક દંપતી મધરાતે ઘવાયું હતું તો સવાર સુધી એણે હાઈવે પર હેરાન થવું પડયું. છેક સવારે એમને લિફ્ટ મળી અને એય સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનમાં ! સુરતનો અનુભવ છે જ કે ખાનગી ટ્યુશન ક્લાસમાં આગ લાગી ત્યારે વિદ્યાર્થીઓને બચવામાં મદદ કરવાને બદલે મોબાઈલ ફોનમાં શુટિંગ કરનારાઓની સંખ્યા બહુ મોટી હતી. સોશ્યલ મીડિયામાં પછીથી એ વાત વારંવાર કહેવામાં આવી કે જેટલા લોકો ફોનના કેમેરાથી શુટિંગ કરતા હતા એ બધાય જો બચાવ કામગીરીમાં લાગી ગયા હોત તો વધુ જિંદગીઓને બચાવી લેવાઈ હોત. માત્ર સૌરાષ્ટ્રમાં જ નહિ, દેશના ઘણા પ્રદેશો એવા છે જ્યાં ઉચ્ચ કોટિના માનવીય સંસ્કારો જળવાયા છે. જેમણે આપણા ગીરના નેસડાઓની મુલાકાત લીધી છે એમને ખબર છે કે એ લોકો માંડ બે પાંદડે હોય કે ન હોય પરંતુ કોઈ અતિથિ આવે એટલે એમની આંખોમાંથી અમૃતધારા વરસવા લાગે. ક્યારેક તો એમ લાગે કે જાણે એમને ખબર જ નથી કે દુનિયા ક્યાં પહોંચી છે. દક્ષિણ ભારતના ગ્રામ વિસ્તારોમાં આજે પણ ભારતીય સંસ્કૃતિની અસલ ઝલક જોવા મળે છે. માણસાઈના દીવા દેશમાં સૌથી વધુ ઝળહળતા હોય તો એ દૂરના ઉત્તર ભારતમાં છે. હિમાલયના પ્રવાસીઓમાં એક મોટો વર્ગ એવો છે જે માત્ર એ નગાધિરાજના દર્શને રખડવા નીકળે છે. દુનિયાભરમાંથી દર વરસે હજારો એવા પ્રવાસી અહીં આવે છે જેઓ સાવ અનિશ્ચિત રીતે એ પર્વતમાળાઓમાં રખડવાનો આનંદ લે છે. તેઓ અલગારી હોય છે. હિમાલયમાં તેઓ જ્યાં પણ જાય છે ત્યાં બધા તેમને મીઠો આવકાર આપે છે. તો પણ દુનિયા બદલાઈ ગઈ છે. એક જમાનામાં વર જ જોવાતો હતો, ઘર જોવાતું ન હતું. ત્યારે એમ માનવામાં આવતું હતું કે વર સારો હોય તો ઘર તો આપોઆપ સારું થઈ જવાનું હોય. પણ હવે એવું નથી. વર અને કન્યા બન્ને પક્ષના લોકો સંભવિત વેવાઈવેલાની આર્થિક ક્ષમતાઓ જુએ છે. આજે કેટલાય સજ્જન ઉમેદવારો એની આર્થિક નબળાઈને કારણે યોગ્ય જીવનસાથી મેળવી શકતા નથી. સંસારના સર્વ નિર્ણયો આખરે આર્થિક આધાર પાસે આવીને અટકે છે. આપણા દેશમાં માત્ર માભો પાડવા માટે બે વરસ વિદેશની સહેલી યુનિવર્સિટીમાં જઈને આસાન ડિગ્રી લઈ આવનારા શ્રીમંતપુત્રોની મોટી ફોઝ છે. એમને એ વિદેશયાત્રાઓ માત્ર પાઘડીમાં છોગું લગાવવા પૂરતી જ કામ આવે છે. એની સામે એવા લાખો વિદ્યાર્થીઓ છે કે જેઓ પ્રતિભા સંપન્ન હોવા છતાં એમને એરપોર્ટના દર્શન કરવાનો લ્હાવો પણ આ ભવે તો મળવાનો નથી. જિંદગીમાં પૈસાની પ્રતિષ્ઠા આપણે સહેજ વધારે પડતી કરી છે. અને જેમણે પૈસાની ઉપેક્ષા કરી છે તેઓ ફેંકાઈ ગયા છે. ભારતમાં લક્ષ્મીની પહેલેથી જ ઊંચા આસનની ગરિમા છે. સવારે જાગીને બોલવાના પ્રથમ શ્લોકમાં પ્રથમ જ કરાગ્રે વસતે લક્ષ્મી... આવે છે. સંસ્કૃતમાં કહેવત છે કે સર્વે ગુણાઃ કાન્ચનમ્ આશ્રિતઃ એટલે કે તમામ સદગુણો સુવર્ણને આશ્રયે રહે છે. એમાં પ્રાચીન ઋષિઓ ટકોર એ કરે છે કે જેમની પાસે અધિક સુવર્ણ ન હોય ત્યાં સદગુણો ટકતા નથી. આમ તો જલદી ગળે ન ઉતરે એવી આ વાત છે. તો શું અધિક ધન અને સંપત્તિ ન હોય તો સદગુણો આપણામાં સ્થિર થતા નથી ? શું જેઓ રોજનું સીધુંસામાન લાવીને રોજ રાંધે છે એમનામાં ગુણવૈભવ નથી હોતા ? હોય છે જ પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષાઓ બહુ મર્યાદિત હોય છે. ઋષિઓએ કહ્યું કે બધા ગુણસંપુટ સોનાની પાછળ છુપાયેલા છે તે એમને માટેનો બોધ છે જેઓ જિંદગીમાં પોતાના વ્યવસાય, ઉદ્યોગ અને સમાજજીવનમાં ઊંચા ગિરિશિખરોના લક્ષ્યાંક સાથે ચાલે છે. જેમના નિશાન ઊંચા છે એમણે તો પૈસાની પૂજા કર્યા વિના ચાલે એમ જ નથી. પૈસો પરમેશ્વર નથી પરંતુ પ્રવર્તમાન યુગમાં બધે દેખાય છે તો એવું જ. ખરેખર પૈસાને પરમેશ્વરની હદે ઉપાસવાની જરૂર નથી. પરંતુ પૈસાને સન્માનથી જોવાની જરૂર છે. સન્માન એટલે શું ? જેઓ વ્યસનમાં પૈસા વેડફતા નથી તેઓ પૈસાને સન્માન આપે છે. સન્માનના બીજા પણ અભિગમો છે. જેમ કે લક્ષ્મી હિસાબને વશ છે. બેહિસાબી નાણાં ટકતા નથી. એ ભલે એક નંબરના હોય કે બે નંબરના પણ એનો પાકો હિસાબ જેઓ રાખતા નથી એમની લક્ષ્મી અન્યત્ર ગતિ કરી જાય છે. લક્ષ્મીનો સ્વભાવ છુપાઈને રહેવાનો છે અને મહદંશે લોકો એને છુપાયેલી જ રાખવા ચાહતા હોય છે. લક્ષ્મીના ઘણા પ્રકાર છે જેમ કે પરિશ્રમલક્ષ્મી, વ્યાપારલક્ષ્મી, રાજલક્ષ્મી, ભાગ્યલક્ષ્મી, વારસલક્ષ્મી, કૃષિલક્ષ્મી અને શ્રીલક્ષ્મી. જેમણે સદાય પોતાની લક્ષ્મીને પરોપકારમાં પ્રયોજી છે એ લક્ષ્મી વધુ ને વધુ સ્થિર હોય છે. જિંદગીમાં પૈસાનું વજન ગમે તેટલું વધે પણ હૃદયના સંવેદનો ઘટવા ન જોઈએ એ આપડી સંસ્કૃતિનો આદર્શ છે. એની સામે એ પણ હકીકત છે કે જેઓ પૈસાનો મહિમા જાણવા છતાં પ્રમાદે પાણીમાં બેસી રહ્યા છે એમના પર અંધકાર ઉતરી આવે છે. હાથપગ ચાલે ત્યાં સુધી કઠિયારો પણ જંગલમાં ભારો કે નાનકડી ભારી લેવા જાય છે. હાથ કામગરા હોય એની પાસે સ્વલક્ષ્મી હોય છે. સ્વઉપાર્જિત લક્ષ્મીને અગ્નિપુરાણમાં સર્વોત્તમ અને આરાધ્ય માનવામાં આવી છે. યુગ બદલાયો તો ભલે, પૈસો જ આ સંસારમાં સર્વસ્વ નથી. પરંતુ પૈસાની એક જ ઘટ આગળ જતાં બીજી અસંખ્ય ઘટનું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે છે. ડહાપણ એમાં છે કે પરિશ્રમને જ પરમેશ્વર માનવા, તો લક્ષ્મી આપોઆપ ઢળતા ઢાળે આવી રહેશે. ■

> જો કે સામે એ પણ હકીકત છે કે જેઓ પૈસાનો મહિમા જાણવા છતાં પ્રમાદે પાણીમાં બેસી રહ્યા છે એમના પર અંધકાર ઉતરી આવે છે

# જીવ



વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

દરવાજાનો આગળિયો ખખડયો એટલે વિચારોમાં ઘેરાઈને બેઠેલા આશુતોષે બારીમાંથી બહાર નજર નાખી પણ કોઈ દેખાયુ નહીં. એને વિચાર આવ્યો કે અત્યારે ખરા મધ્યાન્હે, બપોરે ત્રણ વાગ્યે કોણ હોય ? કદાચ - કુરીયરવાળો હોય અને કાં બાબુદાદા ટપાલી...! એણે ઊભા થઈને ‘કોણ ?’ એવું પુછતાની સાથે જ દરવાજો ખોલ્યો, પણ જેવી એની નજર દરવાજા પર પડી કે, દરવાજામાં ઊભેલી આગંતૂક વ્યક્તિને જોઈને ચોંકી જ ઉઠયો. થોડું ધ્રુજી પણ ગયો કેમ કે એ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ બાપુજી હતા. જે બાપે એકવાર તેને કહી દીધું હતું કે, હુ તારો બાપ છું અને તું મારો દીકરો છે એ વાત જ હવે ભૂલી જજે. આજથી એ પણ ભૂલી જજે કે તારી અને મારી વચ્ચે લોહીનો સંબંધ છે. આજથી હું સમજી લઉ છું કે એ લોહી નથી પણ ફક્ત લાલ પાણી છે જે ખૂન, મારી આબરૂના ખોરડા ઉપર પાણી ફેરવી દે એ ખૂન, ખૂન નહીં પણ લાલ પાણી છે પાણી ! અને એ પણ ગંદા ગોબરા ખાબોચિયાનું પાણી ! જા, હવે તારૂં મોઢુ કાળુ કર અને હાલતો થા ! અને હા યાદ રાખજે કે હું જીવતો હોઉ ત્યાં સુધી મને મોઢું બતાવવાની કોશિષ પણ નહીં કરતો અને કદાચ મરી જાઉ ને તો પણ. તે ફકત, તારા બાપ પ્રભાશંકર જોષીની જ નહીં, પણ મારી સાતમી પેઢીએ રહેલા પૂર્વજ ઓધવજી માધવજી જોષીની આબરૂ ઉપરેય બટ્ટો લગાડયો છે બટ્ટો !’’

અને ‘એ’ જ આજ સામે ચાલીને પોતાના ઘરના દરવાજે ઊભા હતા. એ દોડી ગયો અને બાપુજી... કહેતો ’ક ને પ્રભાશંકર જોષીને બાથ ભરી ગયો. આંખમાંથી ટપ્ ટપ્ કરતા આંસુ નીકળી ગયા. બાપ દીકરાનું એ મિલન કેટલીક સેકંડ સુધી ચાલ્યું પણ પછી પ્રભાશંકરને જ બોલવું પડયું : ‘‘બસ બેટા બસ’’ ત્યારે આશુતોષ છૂટ્ટો પડયો. પણ તોય પાછો આંખ લૂછતો લૂછતો બાથ ભરી જતો બોલ્યો : ‘‘બાપુજી તમે ? અને એ પણ મારા ઘરે ?.. બાપુજી, હું હજી માની જ નથી શકતો કે આ તમે જ છો કે બીજુ કોઈ ?’’

‘‘લે...! ગાંડીયો જ રહ્યો હજી...’’ પ્રભાશંકરે તેને અળગો કરતા પોતાના આગવા મિજાજમાં કહ્યું : ‘‘એમ કાંઈ થોડો તારો બાપ છું તે મરી જવાનો હતો ? પણ આ તો તે...’’

‘‘એ મારી ભૂલ હશે કદાચ...! હું કયાં ના પાડું છું બાપુજી ! મેં એ ભૂલ કરી હતી પણ તેનું આટલું બધુ દુઃખ તમને લાગશે એ મને ખબર નહોતી. સાચુ કહુ છું હોં કે બાપુજી...’’ વળી પાછો તેનો સ્વર તરડાયો : ‘‘આજકાલ કરતા આઠ આઠ વરસ વીતી ગયા પણ એકેય દિવસ એવો નથી ગયો કે જે દિવસે તમે મને યાદ ન આવ્યા હોવ...! અને પછી મારા મગજમાં વળી વળીને તમારા મોઢામાંથી નીકળેલ પેલા સણસણતા શબ્દો મને નિરાંતે ઉંઘવા પણ દેતા નહોતા. પલ પલ એકની એક પીડા મારૂં કાળજુ કાપતી રહી છે કે મારા પગલાથી બાપુજીને બહુ દુઃખ લાગી ગયું છે પણ મારાથી જે થવાકાળ હતું એ થઈ ગયું હતું.. !’’

‘‘રાખ, રાખ, હવે... ચાલ્યા કરે...’’ પ્રભાશંકરે વાતને જાણે મજાકમાં જ ઉડાવી દીધી અને, આશુતોષ હળવોફૂલ બની ગયો : ‘‘સાચ્ચે જ બાપુજી ?’’

‘‘તો હું શું ખોટું બોલતો હોઈશ ગાંડાભાઈ..!’’ એમણે એમના મિજાજથી જ વાત કરી : ‘‘એ તો આવેશમાં આવીને બોલાઈ જવાયુ ’તુ મારાથી ય તે ! પછી તો મનેય પસ્તાવો થયો કે ભારે કરી ! તારી બા તો રહરહ આંસુએ રોતી હતી કે દીકરાએ જે કર્યુ એ કર્યું, પણ તમારે એને આમ હડધૂત નહોતો કરી નાખવો...’’ પણ એકવાર મોઢામાંથી જે વાણી નીકળી ગઈ, એ નીકળી ગઈ ! અને શાસ્તર પણ કહે છે કે શબ્દ તો બ્રહ્મ છે એ અજર અમર છે. એનો કદી નાશ નથી થતો, પણ જવા દે..! મૂળ વાત એ કે, તું સુખી છો ને ?’’

‘‘હા... બાપુજી ! ખૂબ સુખી છું - તમારા આશીર્વાદથી ! એ બીજી જ્ઞાતિની દીકરી છે પણ સંસ્કારોમાં, રહેણી-કહેણીમાં અને મહેમાનોના આદર-સત્કારમાં મારા બાથી એક ઈંચ પણ કમ નથી. તમને લાગે જ નહીં કે...’’

‘‘હવે ઈ તો પુત્રના લક્ષણ પારણામાં, વહુના બારણામાં....’’ પાણી પીને ગ્લાસ પાછો આપતા પ્રભાશંકરે હસીને કહ્યુ : ‘‘ખબર છે મને... અને નો ખબર હોય તોય પલકવારમાં પડી જાય કેમ કે આંગણું ગૃહલક્ષ્મીનો જીવ કેવો છે ઈ બતાવે, અને ડામચિયો એનો વેતો બતાવે સમજ્યો ?... અરે, બોલાવને વહુને.. ક્યાં છે ? આટલામાં કયાંય બેસવા ગયા છે કે...કહે એમને કે બાપુજી આવ્યા છે ! ’’

‘‘... એ મુન્નીને તેડવા ગઈ છે. મુન્નીને અત્યારે સ્કૂલ છૂટવાનો ટાઈમ છે, હજી નવું નવું છે. પહેલા ધોરણમાં છે એટલે જવું પડે બસ.’’ આશુતોષે ઘડિયાળ સામે જોતાં કહયું : ‘‘બસ...હવે આવતી જ હશે !’’

‘‘સારૂ...સારૂ ત્યાં સુધી અહીં મારી પાસે બેસ અને બોલ, કે તારી નોકરી કેમ ચાલે છે ? બધુ બરાબર ગોઠવાઈ ગયું છે ને ? ’’

‘‘પહેલા તો એ કહો કે તમને મારૂં ઘર કઈ રીતે મળ્યું?’’

‘‘ગોટુ આવ્યો હતો ને ? ! ગોટુ : તારો કાકો ! એ અહીંથી પછી ત્યાં આવ્યો. અને પછી તો તારા અને વહુના વખાણ કર્યા, કાંઈ વખાણ કર્યા છે...!! બોલતો જતો હતો કે વહુ તો ચોવીસ કેરેટનો હીરો છે હીરો ! મને નહીં નહીં તો લગભગ પચાસ વાર કીધું કે, મોટાભાઈ ! એકવાર તમે ને મારા ભાભી બન્ને જઈ આવો. તમારો છોકરો અને એની વહુ...! શું વાત કરૂં મોટાભાઈ... વાત કરવા બેસુ ને તો તમારી બંડીના બટન તડ તડ કરતા તૂટવા માંડે. બાકી તમારી કરતાય એક વેંત ચડયો... હો બાકી ! મોરના ઈંડા ચિતરવા ના પડે - ’’ પ્રભાશંકર શ્વાસ ખાવા થોભ્યા. બંડીના ખિસ્સામાં ફાંફાફોળા કર્યા : ગોટુએ જ સરનામું આપ્યું હતું... સીધો જ તારા ઘરના દરવાજે ઊભો રહ્યો...

‘‘તો પછી મારી બા ? તમે મારી બાને કેમ ન લાવ્યા ?’’ આમ એકલા એકલા જ ? ’’ આશુતોષે ફરિયાદના સૂરે કહ્યું.

‘‘એલા ભાઈ,... આમાં એવું છે કે અમે બધા બૂઢિયે બૂઢિયા ચાર - પાંચ જણા ઘરવાળા સાથે નીકળ્યા છીએ હરદ્વાર જવા માટે ! હવે, ટીકિટ-બિકીટ આવી ગઈ ને, એમાં તારી બાને પગથિયું ઉતરતા પગ મરડાઈ ગયો તો પગમાં વા-તડ પડી ગઈ ને મોચ આવી ગયો. એટલે હું તો ટીકિટ કેન્સલ કરવતો હતો કે એકલા એકલા શું જવું ? પણ તારી બાએ એના સમ આપ્યા. પગે આમ તો સારૂ છે પણ હાડવૈદ્યે ઠબૂક ઠબૂક હાલવાની ના પાડી છે. એમ તો આપણા ઘરની પડખે જ મીરાબેન કરીને નવા માસ્તરાણી આવ્યા છે, તે તારી બાનું ધ્યાન રાખે છે. એટલે વાંધો નથી. પણ મારે તને કેટલાય દિ’ થી મળવુ હતું જીવ વળગ્યો હતો. આમ તો, હું ને તારી બા બેય જણા આવેત. પણ એનું અંજળ નહીં માંડયું હોય. પણ હું તો પછી તને મળ્યા વગર ન રહી શક્યો...’’ આટલું બોલીને જીંદગીમાં પહેલીવાર ગળગળા બન્યા જાણે એવું આશુતોષે અનુભવ્યું. પણ એ તો ક્ષણીક જ ફરી પાછા તેમના અસલી રંગમાં :... ‘‘તો થયું કે, આવડા આ જાત્રાળુની હારે અમદાવાદથી ભેગો થઈ જઈશ. એ લોકો સૌરાષ્ટ્ર મેલમાં બેસવાના હતા, તે અહીં સાડા આઠ નવે પહોંચી જાશે.

‘‘સારૂ કર્યું ને બાપુજી, તમે આવ્યા તો...’’

‘‘લે... આવું તો ખરોને ભાઈ... અને એક વાત એ પણ છે કે જીવ્યો એટલું ક્યાં જીવવાનો ય છું હવે ? અને આમ પણ અભિમાન કયાં સારૂ છે ? મનમાં તો એક પીડા મનેય ખોતરી ખાતી હતી કે આશુતોષને મળી લઉં, સઘળો ભાર ખંખેરી નાખું... એટલે નિરાંત ! આજે હળવોફૂલ થઈ ગયો જો...

‘‘બાપુજી...’’ વળી પાછો ગળગળો થઈ જતો આશુતોષ પ્રભાશંકરના પગ આગળ બેસી પડયો. પ્રભાશંકરે તેને ઊભો કરતા કહ્યું : ‘‘હવે શું છે ? હવે તો હું આવી ગયો ને ? હવે તો જો મારા મનમાંય કાંઈ નથી !’’

વાત ચાલતી હતી ને ત્યાં દરવાજો ખખડયો. મુન્ની બહારથી ‘‘પપ્પાઆઆ....’’ કરતી દોડતી આવીને આશુતોષને ગળે વળગી ગઈ. આશુતોષે તેને વહાલ કરીને કહ્યું : ‘‘ જો તો બેટા, આપણાં ઘરે કોણ આવ્યું છે ? ’’

કોઈ અપરિચિત પગરખાં જોઈને અનિતા પણ સાડીનો પલ્લુ માથે ઓઢીને હળવે પગલે અને આશંકીત હૈયે અંદર પ્રવેશી પણ સોફા ઉપર બેઠેલા પ્રભાશંકરના ચહેરાને જોઈને જ થડકી ઉઠી.

તત્ક્ષણ દોડીને અંદરના રૂમ તરફ ભાગી.

‘‘બાપુજી આવ્યા છે... તને જ યાદ કરતા હતા...’’ આશુતોષનો હળવાશ ભર્યો અવાજ સાંભળીને તેને ધરપત થઈ. એ હળવે હળવે દબાતે પગલે આવીને પછી ‘‘પાય લાગુ બાપુજી...’’ કરતી પ્રભાશંકરને પગે લાગવા ઝૂકી. પ્રભાશંકરે એક હાથ ઊંચો કરીને ‘‘અખંડ સૌભાગ્યવતી ભવઃ... ધનવાન, પુત્રવાન ભવ... બેટા...’’ આશીર્વાદ આપ્યા અને પછી હસતા હસતા કહયું : ‘‘વહુ બેટા, તમારી જ રાહ જોતો હતો... કે કયારે વહુ આવે ! આ જુઓ કલાકથી બેઠો છું તોય આણે ચા નો ભાવ નથી પૂછયો. તમે આ ગાંડિયાને ચા બનાવતાય હજી સુધી નથી શીખડાવ્યું ?.... સારૂ... સારૂ... લ્યો, મૂકો, મૂકો... કયારનીય ચા પીવી છે !’’ (ક્રમશઃ) ■

# ‘‘જે હશે તે ચાલશે, હું કંઇ મહેમાન નથી....’’



# રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

શાંતુએ મહેશના હાથમાં પાણીનો ગ્લાસ આપ્યો. ગ્લાસ પકડવાની સાથે જ મહેશ બોલ્યો : ‘‘મેં તો મીઠુ પાન કયારનુંય ચાવી લીધું છે, ભાભી ! લાવો..., તમે પાણી લઈને આવ્યાં એટલે હું ના નહીં પાડું...’’ આમ બોલી મહેશે તો ઘટક ઘટક કરતા આખો ગ્લાસ ખાલી કરી નાખ્યો. ખાલી થયેલો ગ્લાસ ભાભીને પાછો આપ્યો એટલે શાંતુ તરત બોલી : ‘‘હું તારાથી મોટી છું એટલે તને તો હું મહેશ કહીને જ બોલાવીશ, સમજ્યો...?’’

‘‘ એમાં શું...? ભાભી..., તમારો આવો તુંકારો તો મને ખૂબ ખૂબ ગમશે...’’

‘‘ તો.... હવે કહે મહેશ, સાંજના શું જમવું છે ? શરમાયા વગર સાચું કહેજે. ઘણા મહેમાન શરમમાં ને શરમમાં ભૂખ્યા રહે છે, બોલી શકતા નથી. પરંતુ મારા આ ઘરમાં તો બધું ખુલ્લું ખુલ્લું છે. જો ભોજન મનગમતું મળે તો મીઠો મીઠો ઓડકાર આવે, સાચું ને ? ’’

‘‘સાવ સાચું કહું ભાભી.... ? ગળપણથી તો મને પહેલેથી જ નફરત છે. મને સાવ દેશી ખાણું ખૂબ જ ભાવે. ખીચડી, કઢી, ભાખરી, છાસ એવું બધું...’’

‘‘લે..., ખીચડી તો હમણાં તૈયાર પણ થઈ જશે...’’

‘‘ શું વાત છે ભાભી...?’’

‘‘શાળાએથી આવી કે પહેલાં તરત જ મેં ખીચડી મૂકી દીધી. તે કઢીનું નામ લીધું છે ને..., એટલે હવે હું કઢી બનાવીશ, બસ ! સાથે દૂધ પણ ચાલશેને ?’’

‘‘જે હશે તે ચાલશે, હું કંઈ મહેમાન નથી....’’

‘‘મહેમાન નહીં પણ દોસ્ત અને મિત્ર તો ખરે જ. રણમલની જેમ તું પણ અમારો નાનો એવો મિત્ર, બરાબર છે ને દામલ....?’’

‘‘ હાસ્તો વળી, રણમલ તો દૂર દૂર છે, તું તો અમારી સામે જ છે...’’

સાંજના સાડા સાત વાગે સંધ્યા સારી એવી ખીલેલી હતી એવા સમયે દરવાજામાં પગ મૂકતાં મહેશની ભરાવદાર અને નકોર કાયા તથા કુમળી વયને જોતાં જ શાંતુને મનોમન ખૂબ જ હરખ થયેલો. એમાં પણ મહેશે પાન ખાધું હોવાથી તેનું મોઢું લાલ લાલ જોઈને તો શાંતુ અતિશય આનંદમાં આવી ગયેલી. સાથે સાથે દામલના ગાઢ મિત્ર રણમલનો પણ તેણે મનોમન આભાર માન્યો. કારણ કે મિત્ર રણમલની ભલામણથી જ મહેશ અહીં આવ્યો હતો. એ તો શાંતુને યાદ જ હતું. વળી દામલનું પોતાની સાથે ગોઠવવામાં રણમલની જ મુખ્ય ભૂમિકા હતી.

સાંજના સાડા આઠ વાગે શાંતુ, દામલ અને મહેશ ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. ખીચડી, સેવ - ટમેટાનું શાક, કઢી અને બે ત્રણ પ્રકારનાં અથાણાં, દૂધના પ્યાલા અને કડક કડક ભાખરી, આ બધું અલગ અલગ થાળીમાં શાંતુએ બધું પીરસ્યું હતું, હવે જમવાનું શરૂ થયું. જમતાં જમતા મહેશે પૂછયું : ‘‘આ આટલું બધું મારા માટે જ તમે બનાવ્યું ને ભાભી...?’’

‘‘ના હોં.... એવું નથી, અમે બેઉં કયાં જઈશું ? આ બધું ફક્ત તારા માટે નહીં પણ આપણાં બધાં માટે મેં બનાવ્યું છે. આજે નહીં પરંતુ રોજ રોજ રસાઈ તો આવી અને આટલી જ બનાવવાની હોય, આ કંઈ નવું નથી. આ તારા ભાઈને પૂછી જો, હું કંઈ ખોટું નથી બોલતી...’’

શાંતુનું આવું કથન સાંભળી દામલ તરત જ બોલ્યો : ‘‘સાચી વાત છે, મહેશ ! તારી ભાભીની આ વાત સાચી છે, હું ના કહું તો પણ રોજ રોજ તે આવું જુદુ જુદુ બનાવે છે, સાચું કહું ? મને હોટલે કે લોજમાં તો જરાય ફાવતું જ નથી. બસ, શાંતુના હાથની રસોઈ જ મને ભાવે છે.

‘‘ આ તો ખૂબ સારૂં કહેવાય, ખરે જ હું સાચું કહું છું. અત્યારની રસોઈ મને તો ખૂબ ખૂબ પસંદ પડી. આવું સરસ ખાણું મેં પહેલીવાર ખાધું છે... હા..., હું આ ખોટા વખાણ નથી કરતો...’’

આમ જમવાનું પુરૂં થયું. દામલ અને મહેશ રસોઈ ઘરમાંથી બહાર નીકળી બેઠકરૂમમાં સોફા પર બેઠા. શાંતુ તો રસોડાના કામમાં લાગી ગઈ. દામલે ટી. વી. ચાલુ કર્યું. તેને સમાચાર જોવાની આદત હોવાથી બસ એક જ ચેનલ ઘણીવાર સુધી તેણે જોયા કરી. રાતના સાડા નવ થવામાં હવે થોડીવાર બાકી હતી ત્યારે શાંતુએ બેઠકરૂમમાં પ્રવેશ કર્યો. શાંતુને જોતા જ મહેશ સાચે જ ચમકી ગયો. અત્યારે કિંમતી ગાઉનમાં શાંતુ ખરેખર નાની છોકરી જેવી દેખાઈ રહી હતી. વળી તેની સુંદરતા પણ કોણ જાણે આવા ડ્રેસમાં ખૂબ જ ખીલી ઊઠી હતી. હા, એક વાત હતી, તેણે પહેરેલો ગાઉન સાવ ખુલ્લો અને વળી અર્ધપારદર્શક જેવો પાતળો હતો. કદાચ એના લીધે પણ એ અત્યંત મોહક દેખાઈ રહી હશે. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

### કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી વિગતવાર ચર્ચા કરી

# કૌશિક વેકરીયાએ વિજય મુહૂર્તમાં મંત્રી પદભાર સંભાળ્યો

**તાલુકા મથકોએ કોર્ટ બિલ્ડિંગો તમામ સુવિધાયુક્ત બને તે માટે સૂચનાઓ આપવામાં આવી**

અમરેલી,તા.૧૮

અમરેલીના ધારાસભ્ય અને કાયદા અને ઉર્જામંત્રી વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મંત્રી તરીકેનો પદભાર સંભાળતાની સાથે જ નવા સચિવાલય સ્થિત કાયદા અને ન્યાય તંત્ર વિભાગની મુલાકાત લીધી હતી અને વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાત રાજ્યની પ્રજાને સમયસર અને ઝડપી ન્યાય મળી રહે તે માટેના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલમાં અમલમાં આવેલ ત્રણ નવા કાયદા અનુસાર રાજ્યની પ્રજાને ઘરઆંગણે





ઝડપથી સમયબદ્ધ ન્યાય મળી રહે તે માટે જરૂરી ચર્ચા કરી સૂચન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ન્યાયની પ્રક્રિયા દરમિયાન કોર્ટ બિલ્ડિંગોમાં તમામ જરૂરી સંસાધનો, યોગ્ય માળખાગત સુવિધાઓ તેમજ પૂરતી આંતરમાળખાકીય સવલતો મળી રહે તે માટે વિગતવાર ચર્ચા કરીને સૂચનો આપવામાં આવ્યા હતા. ત્રણેય નવા કાયદામાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓમાં ટેકનોલોજી પર મુકાયેલા ભાર અને મહત્ત્વને ધ્યાને લઈ, ગુજરાત રાજ્યની અદાલતોમાં ન્યાયિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી, સમયબદ્ધ ન્યાય મળી રહે તે માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવા સૂચનાઓ આપવામાં આવી હતી. બીજી તરફ રાજ્યમાં તમામ તાલુકા મથકોએ કોર્ટ બિલ્ડિંગો તમામ સુવિધાયુક્ત બને અને પક્ષકારોને ત્વરિત બિનખર્ચાળ ન્યાય પ્રાપ્ત થાય તે માટે આવશ્યક સૂચનાઓ આપવામાં આવી છે. પોક્સો એક્ટ હેઠળ તેમજ એનડીપીએસ એક્ટ હેઠળ નોંધાયેલા તમામ કેસો સમયસર ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાંઓ લેવા ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત વકફ કાયદા હેઠળ સ્થાપિત વકફ ટ્રિબ્યુનલ તેમજ બોર્ડમાં ન્યાય નિર્ણય માટે પડતર રહેલ કેસોનો સમયસર નિકાલ થાય તે માટે પણ જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

## પીએમ જનજાતિ અભિયાન નીચે ગુજરાતને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ

વલસાડ,તા.૧૮



રાષ્ટ્રપતિ મુર્મુના હસ્તે 'પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન હેઠળ સમગ્ર દેશમાં 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજ્ય' તરીકે ગુજરાતને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ ગુજરાત સરકાર વતી આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવ શાહ મીના હુશેને સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકારે વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં **PM-JANMAN,** ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને આદિ કર્મયોગી અભિયાનનો સફળ અમલ કરવામાં આવી રહ્યો છે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે એકતા પ્રકાશ પર્વની ઉજવણીનો ભવ્ય પ્રારંભ થયો

રાજપીપળા,તા.૧૮

એકતા નગર ખાતે આગામી તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. દરમિયાન ઉજાસના પર્વ દીપોત્સવીની પણ તા. ૨૦ ઓક્ટોબરે ઉજવણી થનાર છે. એકતાનગરમાં પહેલેથી



જ નાઈટ ટૂરિઝમને પ્રોત્સાહન આપી આકર્ષવા માટે અનેકવિધ પ્રવાસીય પ્રકલ્પો જેવા કે, લેસર શો, ડેમ લાઈટ એન્ડ સાઉન્ડ શો, નર્મદા મહા આરતી, યુનિટી ગ્લો ગાર્ડન સહિત સમગ્ર એકતા નગરમાં અદભૂત લાઈટિંગથી સજ્જ છે. ત્યારે રાષ્ટ્રીય એકતા દિવસ તેમજ દીપોત્સવી પર્વને ધ્યાને લેતા સંભવતઃ ભારતમાં પ્રથમવાર એકતા પ્રકાશ પર્વની ઝળાહળ ઉજવણીનો એકતાનગર ખાતે ગતરોજ તા.૧૭ મી ઓક્ટોબરથી ભવ્ય પ્રારંભ થયો છે. જેમાં કુલ ૭.૬ કિમીમાં અદભૂત કલાત્મક થીમ આધારિત લાઈટિંગથી શણગાર કરવામાં આવ્યો છે.

## સુરતના વેસુ વિસ્તારમાં દારૂની પાર્ટી પર પોલીસનો દરોડો, ૧૭ નબીરા ઝડપાયા

સુરત,તા.૧૮



ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર દારૂની મહેફિલો યોજાવાના બનાવો અટકવાનું નામ લેતા નથી. ત્યારે ફરી એકવાર સુરત શહેરની વેસુ પોલીસે દારૂ પાર્ટી પર દરોડો પાડી ૧૭ નબીરાઓને ઝડપી પાડ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વેસુ પોલીસે બાતમીના આધારે દરોડો પાડતાં દારૂની મહેફિલ માણતા ૧૭ જેટલા ઈસમોને પકડી પાડ્યા હતા. પકડાયેલાઓમાં શહેરના વેપારી વર્ગ, નોકરિયાત તેમજ અભ્યાસ કરતા યુવાનોનો સમાવેશ થાય છે, જેઓ ક્રિકેટ રમ્યા બાદ દારૂની પાર્ટી કરી રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી દારૂની બોટલો અને અન્ય સામગ્રી પણ જપ્ત કરી છે.

## રાજ્યમાં રોડ નેટવર્કને સુદ્રઢ બનાવવા માટે ૭,૭૩૭ કરોડ રૂપિયાની ફાળવણી

ગાંધીનગર,તા.૧૮



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ-રોડ નેટવર્ક દ્વારા વિકસિત ગુજરાતથી સાકાર કરવા ૧૨૪ કામો માટે ૭,૭૩૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને વધુ સરળ, સલામત અને ઝડપી વાહનવ્યવહાર યોગ્ય રાખવા ૮૦૯ કિલોમીટર લંબાઈના ૯ ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોરનું ૫,૫૭૬ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાશે. આ વર્ષના બજેટમાં રાજ્યના રોડ નેટવર્કને વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત ૧૨ નવા હાઈસ્પીડ કોરીડોર વિકસાવવાની મહત્વપૂર્ણ જાહેરાતમાંથી ૯ હાઈસ્પીડ કોરીડોરના નિર્માણ માટેની મંજૂરી સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો 'જે કહેવું તે કરવું'નો સંકલ્પ સાકાર થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કને વધુ સંગીન અને સુવિધાયુક્ત બનાવીને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશનથી વિકસિત ગુજરાત દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૨૪ કામો માટે રૂ. ૭,૭૩૭ કરોડ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના ૧૧ મંત્રીઓએ વિજય મુહૂર્તમાં ચાર્જ સંભાળ્યો

અમદાવાદ,તા.૧૮



**બાકી રહેલા મંત્રીઓ દિવાળી પછી ચાર્જ સંભાળશે**

ભૂપેન્દ્ર પટેલ સરકાર ૨.૦.ના મંત્રીમંડળની રચના થયા બાદ શનિવારે રિવાબા જાડેજા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ૧૧ મંત્રીએ પદભાર સંભાળ્યો હતો. રીવાબા જાડેજા અને હર્ષ સંઘવીએ ચાર્જ લેતા પહેલા ઓફિસમાં પૂજાવિધિ કરી હતી. શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજાએ ચાર્જ સંભાળ્યો ત્યારે પતિ રવીન્દ્રસિંહ જાડેજા અને દીકરી નિધ્યાનાબા પણ હાજર રહ્યા હતા. કેબિનેટ મંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા બાદ હર્ષ સંઘવીએ શનિવારે વિજય મુહૂર્તમાં ચાર્જ સંભાળ્યો હતો. આ સમયે મોટી સંખ્યામાં તેઓના ટેકેદાર ઉપસ્થિત રહ્યા હતા. જે મંત્રીઓએ શનિવારે ચાર્જ નથી લીધો તેઓ હવે ૨૬ ઓક્ટોબર પછી ચાર્જ સંભાળશે.






## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વેન્ટિલેટરમાં અચાનક આગ લાગતાં વૃદ્ધ દર્દી દાઝ્યા

રાજકોટ,તા.૧૮

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વેન્ટિલેટરમાં આગ લાગી હતી, જેમાં એક વૃદ્ધ વ્યક્તિ દાઝી ગયા હતા. ત્યારબાદ વહીવટીતંત્રે ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો. આગ ટીબી વોર્ડમાં લાગી હોવાનું બહાર આવ્યું છે, અને જે વોર્ડમાં આગ લાગી હતી ત્યાં કોઈ સીસીટીવી નહોતા. એ જોવાનું બાકી છે કે પોલીસ સિવિલ હોસ્પિટલના અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવશે કે નહીં. રાજકોટ સિવિલ હોસ્પિટલના ટીબી વોર્ડમાં એક વેન્ટિલેટરમાં અચાનક આગ લાગી, જેના કારણે એક વૃદ્ધ વ્યક્તિ દાઝી ગયા. પોતાની બેદરકારી છુપાવવા માટે, જવાબદારોએ પોલીસ સ્ટેશનમાં મેડિકલ રિપોર્ટ નોંધાવ્યો નહીં કે પોલીસને જાણ કરી નહીં. આગ લાગવાનું કારણ હજુ સુધી અજ્ઞાત છે. તો, આટલી મોટી સિવિલ હોસ્પિટલમાં આટલી બેદરકારી કેમ? એ સારું છે કે કોઈનું મોત થયું ન હતું, અને જો કોઈનું મૃત્યુ થયું હોત તો કોણ જવાબદાર હોત? સમગ્ર ઘટના અંગે, સિવિલ અધિકારીઓ દાવો કરે છે કે તપાસ ચાલી રહી છે, પરંતુ એવું લાગે છે કે તપાસ માત્ર એક બનાવટી છે. શોર્ટ સર્કિટને કારણે વૃદ્ધ વ્યક્તિને ચહેરા પર ગંભીર ઈજાઓ થઈ હતી.











